RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 58* Date: 24.12.2020 Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

બે કરોડ હસ્તાક્ષરવાળું મેમોરેન્ડમ રાષ્ટ્રપતિને આપશે

# ખેડૂત આંદોલનઃ આજે રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે

## કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં આવ્યા રાહુલ ગાંધી, વિજય ચોકથી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે






ન્યુ દિલ્હી,તા.૨૩

દિલ્હી બોર્ડરો પર ખેડૂતોનું આંદોલન સતત ચાલી રહ્યું છે. સરકાર સાથેની વાતચીતો છતાં કોઈ સુખદ નિવેડો આવ્યો નથી. ખેડૂતો કૃષિ કાયદાને પાછો લેવા માટે સતત દબાણ કરી રહ્યા છે. જેમાં હવે ધીમે ધીમે રાજકીય પક્ષો પણ ખેડૂતોની પડખે આવી રહ્યા છે. દેશમાં છેલ્લા ૧ મહિનાથી ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને કોંગ્રેસના રાહુલ ગાંધી પણ હવે રાષ્ટ્રપતિને મળીને આ બાબતે હસ્તક્ષેપ કરવા માટે રજૂઆત કરવા જનાર છે.

કૃષિ કાયદાને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી કાલે સવારે ૧૦.૪૫ કલાકે વિજય ચોકથી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે. આ દરમિયાન રાહુલ ગાંધી સાથે અન્ય કોંગ્રેસી નેતાઓ પણ ભાગ લેશે. આ પછીથી રાહુલ અને અન્ય વરિષ્ઠ નેતાઓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદથી મુલાકાત કરશે અને છેલ્લા ૧ મહિનાથી દિલ્હીની બોર્ડરો પર ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં હસ્તક્ષેપ કરવા બે કરોડ સિગ્નેચરયુક્ત મેમોરેન્ડમ રજૂ કરશે. કોંગ્રેસ સાંસદ કે સુરેશે આ બાબતની જાણકારી આપી છે. તો કોંગ્રેસી નેતાઓના પ્રદર્શનને લઈને મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોતમ મિશ્રાએ કહ્યું કે કોંગ્રેસ નેતા કમલનાથજી, જે ૧૫ મહિનાથી ક્યારેય ખેડૂતોના ખેતરમાં ગયા નથી. તેઓ ટ્રેક્ટર પર સવારી કરશે. રાહુલ ગાંધી જેમણે સોફા કમ ટ્રેક્ટર ચલાવ્યું હતું, તેમને એ પણ નથી ખબર કે બટાટા જમીનની ઉપર ઉગે છે કે નીચે. મિશ્રાએ કહ્યું કે હું સમજી નથી શકતો કે આ કૃષિ કાયદામાં ખોટું શું છે. આ ટુકડે ટુકડે ગેંગ છે. જેઓ ખેડૂતોને ભડકાવવાનું અને ભટકાવવાનું કામ કરે છે. અત્યાર સુધી કોઈ પણ કાળા કાયદાની વ્યાખ્યા નથી કરી શક્યા.

## ૨૧ ડિસેમ્બર સુધીમાં ૩.૭૫ કરોડ આઈટી રિટર્ન ફાઈલ કરાયા

ન્યુ દિલ્હી,તા.૨૩

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને અસેસમેન્ટ વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૩.૭૫ કરોડ કરદાતા દ્વારા પોતાના આઈટી રિટર્ન ૨૧ ડિસેમ્બર સુધીમાં ફાઈલ કરાયા હોવાની માહિતી આવકવેરા વિભાગે જાહેર કરી હતી.

આવકવેરા ખાતાએ મંગળવારે ટ્વિટર પર જણાવ્યું હતું કે શું તમે જાણો છો કે ૨૧મી ડિસેમ્બર સુધીમાં ૩.૭૫ કરોડ કરદાતા દ્વારા પોતાના આઈટી રિટર્ન દાખલ કરાયા છે? શું તમે તમારું રિટર્ન ભર્યું? જો ન કર્યું હોય તો તુરંત ભરી દો. રિટર્ન ભરનારમાં આઈટીઆર-૧ રિટર્ન ૨.૧૭ કરોડ કરદાતા, આઈટીઆર-૪ રિટર્ન ૭૯.૮૨ લાખ કરદાતા, આઈટીઆર-૩ રિટર્ન ૪૩.૧૮ લાખ કરદાતા અને આઈટીઆર-૨ રિટર્ન ૨૬.૬૫ લાખ કરદાતાનો સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને અસેસમેન્ટ વર્ષ ૨૦૨૦-૨૧ માટે વ્યક્તિગત રિટર્ન રજૂ કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ છે અને જે લોકોના અકાઉન્ટનું ઑડિટ કરવાનું હોય એમને માટે અંતિમ તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ છે.

કોરોનાના રોગચાળાને ધ્યાનમાં રાખીને રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧મી જુલાઈથી લંબાવીને ૩૧ ઑક્ટોબર ૨૦૨૦ કરવામાં આવી હતી. અંતિમ તારીખ સુધીમાં ૫.૬૫ કરોડ રિટર્ન કરદાતાએ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ (અસેસમેન્ટ યર ૨૦૧૯-૨૦) માટે ભર્યા હતા. ગયા વર્ષે પણ અંતિમ તારીખ ૩૧મી ઑગસ્ટ સુધી લંબાવવામાં આવી હતી.

આવકવેરા ખાતાએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ૨૧ ઑગસ્ટ ૨૦૧૯ સુધીમાં ૩.૬૩ કરોડ કરદાતાએ રિટર્ન દાખલ કર્યા હતા અને આ વર્ષે ૨૧મી ડિસેમ્બર સુધીમાં ૩.૭૫ કરોડ કરદાતાએ પોતાના રિટર્ન ભર્યા છે.

## દેશમાં કોરોના કેસ ઘટ્યા પરંતુ કેરળમાં એક જ દિવસમાં ૬ હજાર પોઝિટિવ કેસ નોંધાયા



તિરુવનંતપુરમ્,તા.૨૩

દેશમાં કોરોનાના કેસ મામલે હવે કેરળની સ્થિતિ વધુ ચિંતાજનક હોવાનું સામે આવી રહ્યું છે. અહીં દરરોજ પાંચથી છ હજાર કેસ આવે છે. અહીં મંગળવારે કોરોનાના નવા ૬૦૪૯ કેસ સામે આવ્યા હતા. જે થોડા સમય અગાઉ ટોચના સ્થાને ચાલી રહેલા મહારાષ્ટ્રની સરખામણીએ લગભગ ડબલ છે. કેરળમાં ૬૧,૦૦૦ એક્ટિવ કેસ છે, જ્યારે મહારાષ્ટ્રમાં ૫૮,૦૦૦ એક્ટિવ કેસ છે. આ દરમિયાન તેલંગાણા સરકારે પ્રાઈવેટ લેબમાં આરટી-પીસીઆર કોવિડ-૧૯ ટેસ્ટનો ચાર્જ નક્કી કરી લીધો છે. હવે ૫૦૦ રૂપિયામાં જ લોકો કોરોનાનો ટેસ્ટ કરાવી શકશે. જો લેબનો કર્મચારી કોઈના ઘરે જઈને સેમ્પલ લેશે તો આ માટે રૂ. ૭૫૦ ચાર્જ લઈ શકશે. દેશમાં મંગળવારે ૨૩,૮૮૦ કેસ નોંધાયા હતા અને ૨૭,૦૩૨ દર્દી સાજા થયા હતા. ૩૨૯ લોકોનાં મોત નિપજ્યાં હતાં. આમ, એક્ટિવ કેસમાં ૩૪૯૮નો ઘટાડો થયો છે. દેશમાં અત્યાર સુધી ૧ કરોડ ૯૯ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે, જ્યારે ૯૬.૬૨ લાખ દર્દી સાજા થયા છે અને ૧.૪૬ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. કુલ ૨.૮૭ લાખ દર્દીની સારવાર ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, મંગળવારે ૧૫૦૦થી વધુ લોકો બ્રિટનથી ભારત આવ્યા હતા, જેમાં ૨૪ લોકો સંક્રમિત મળી આવ્યા હતા. આ સંખ્યા હજી વધી શકે છે, કેમ કે તમામ લોકોના ટેસ્ટના રિપોર્ટ હજી સુધી આવ્યા નથી. અત્યારસુધીમાં ભારત સહિત કુલ ૪૯ દેશ બ્રિટનથી આવતી ફ્લાઈટ પર પ્રતિબંધ લગાવ્યો છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૯૫૮

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૩૮૨૦૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦૬

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૧૩૦૯

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૨૨૯૧૧

કોરોના વેક્સિનનો સમય આવી ગયો..!

# દેશમાં એસ્ટ્રાજેનેકાની કોવીશીલ્ડને આગામી સપ્તાહે મંજૂરી મળે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૨૩

કોરોના વેક્સીન અંગે ઝડપથી સારા સમાચાર મળે તેવી શકયતા છે. ઓક્સફોર્ડ-અસ્ટ્રાજેનેકાની વેક્સિન કોવીશલ્ડના ભારતમાં ઈમરજન્સી યુઝ માટે આગામી સપ્તાહે મંજૂરી મળી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકારે સીરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા પાસેથી કેટલાક બીજા ડેટા માંગ્યા હતા, જે કંપનીએ આપી દીધા છે. ભારતમાં ઓક્સફોર્ડ-અસ્ટ્રાજેનેકાની વેક્સિનનું મેન્યુફેકચરિંગ એસઆઈઆઈ કરી રહી છે.

જો સરકાર ઓક્સફોર્ડ અને એસ્ટ્રાજેનેકાની વેક્સીન કોવીશિલ્ડને મંજુરી આપશે તો ભારત આ વેક્સીનનો ઉપયોગ કરનારો પહેલો દેશ બની જશે. આ સાથે જ કોવીશિલ્ડ ભારતની આ પહેલી વેક્સીન હશે, કારણ કે દુનિયામાં હજી સુધી કોઈ આ વેક્સીનને ઉપયોગમા લેવાની મંજુરી આપી નથી.

પુણે ખાતે આવેલા સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાએ બ્રિટિશ-સ્વીડિશ ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકા સાથે મળીને ઓક્સફોર્ડ યૂનિઅર્સિટી દ્વારા વિકસીત વેક્સીન બનાવ્વવા માટે સમજુતી કરી છે. ઓક્સફોર્ડ યૂનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાનો દાવો છે કે, તેની કોરોનાની રસી પરિક્ષણના છેલ્લા તબક્કામાં ૯૦ ટકા અસરકારક રહી છે.

બ્રિટિશ કંપની એસ્ટ્રાજેનેકાની વેક્સિનને મંજૂરી આપનાર ભારત પ્રથમ દેશ બની શકે છે. બ્રિટનમાં હાલ તેના ટ્રાયલના ડેટાની તપાસ ચાલી રહી છે. વેક્સિન બનાવવામાં ભારત વિશ્વનો સૌથી મોટો દેશ છે. સરકાર ઈચ્છે છે કે જાન્યુઆરીથી દેશના લોકોને વેક્સિન લગાવવાનું શરૂ થાય. તેના માટે ફાઈઝર અને ભારત બાયોટેકની વેક્સિનના ઈમરજન્સી યુઝને મંજૂરી પણ ઝડપથી મળી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪ ડિસેમ્બરે કોરોના પર ઓલ પાર્ટી મીટિંગ બોલાવી હતી. બેઠક બાદ તેમણે કહ્યું હતું કે, આવનાર ગણતરીના સપ્તાહમાં જ કોરોનાની વેક્સિન તૈયાર થઈ જશે. આ રસી સૌથી પહેલા વૃદ્ધો અને હેલ્થ વર્કર્સને આપવામાં આવશે.

## ભારત સરકારને લપડાક, આર્બિટ્રેશન કેસમાં કેઈર્ન એનર્જીની જીત

ન્યુ દિલ્હી,તા.૨૩

કેયર્ન એનર્જીએ ભારત સરકાર વિરુદ્ધ એક ટેક્સ વિવાદને કેસ જીતી લીધો છે. છેલ્લા કેટલાક સમયમાં મોદી સરકાર માટે આ બીજો મોટો ફટકો ગણી શકાય. અગાઉ ભારત સરકાર ટેક્સ વિવાદ માટે વૉડાફોન ગ્રુપ સામે કેસ હારી ચૂકી છે. હવે ભારત સરકારે આ કંપનીને ૮,૮૦૦ કરોડ રૂપિયાની રકમ ચૂકવવી પડશે. વોડાફોનનો ટેક્સ વિવાદ પણ ૨૦ હજાર કરોડ રૂપિયાનો હતો.


ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન ટ્રિબ્યૂનલે કેયર્ન એનર્જીના પક્ષમાં ચૂકાદો આપતા કહ્યું કે, ૧.૨ અબજ ડૉલર ટેક્સની માંગ યોગ્ય નથી. ટિબ્યૂનલે ભારત સરકારને કહ્યું છે કે, કંપનીનું જે ફંડ સરકાર પાસે છે, તે વ્યાજ સહિત કંપનીને પરત કરવામાં આવે.

જણાવી દઈએ કે, ભારત સરકારે કેયર્ન ઈન્ડિયાના ટેક્સ રિફંડને રોકી રાખ્યું છે. આ સાથે જ ડિવિડન્ડ પણ જપ્ત કરી લીધુ છે અને બાકીના ટેક્સની ચૂકવણી માટે કેટલાક શેર વેચ્યા પણ છે.

હવે આ ચુકાદા બાદ સરકારને આ રકમ વ્યાજ સહિત સ્કૉટલેન્ડની ઑયલ એક્સપ્લોરર કંપનીને ચૂકવવી પડશે. જો કે ભારત સરકાર પાસે આ મામલે અપીલ કરવાનો રસ્તો હજુ બંધ નથી થયો.

ઉલ્લેખનીય છે કે, ટેક્સ મામલે કેયર્ન એનર્જીની આ જીત આંતરરાષ્ટ્રીય કોર્પોરેટ કેસમાં ભારતની બીજી હાર છે. અગાઉ વોડાફોન પણ ભારત વિરુદ્ધ ટેક્સ વિવાદનો કેસ જીતી ચૂકી છે. એક વર્ષ સુધી ચાલેલા આ કેસનો ચુકાદો સપ્ટેમ્બરમાં આવ્યો, જેમાં ભારત સરકારને હારનો સામનો કરવો પડ્યો હતો.

## ભારતમાં ટૂંક સમયમાં આવશે રશિયામાં બનેલ કોરોના રસીઃ રાજનાથ સિંહનો દાવો



ન્યુ દિલ્હી,તા.૨૩

કોરોના રસીને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ટૂંકમાં જ ભારતમાં રશિયામાં બનેલ કોરોના રસી આવી જશે. જણાવીએ કે, રશિયામાં કોરોનાની રસી સ્પૂતનિક ૫ ટૂકમાં જ તૈયાર થઈ જશે. લખનઉણાં કાર્યક્રમમાં રાજનાથ સિંહે કહ્યું કે, સૌથી પહેલા કોરોનાની લડાઈમાં મોટી ભૂમિકા ભજવનાર હેલ્થ વર્કસને રસીના ડોઝ આપવામાં આવશે. રાજનાથ સિંહે એ પણ કહ્યું કે, રસી આપવાની સંપૂર્ણ તૈયારી થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે, ભારતીય રસી પણ તૈયાર થઈ રહી છે. આ મામલે ટેસ્ટ અને ટ્રાયલ અંતિમ તબક્કામાં છે. નોંધનીય છે કે, સંરક્ષણ મંત્રી મંગળવારે કિંગ જ્યોર્જ મેડિકલ યૂનિવર્સીટના ૧૧૪માં અને ૧૧૫માં સ્થાપના દિવસ સમારોહમાં મુખ્ય મહેમાન વર્ચ્યુઅલી સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, વિશ્વ સમજી ગયું છે કે આ મહામારી દરમિયાન અસલી સુપરમેમ અને વંડર વુમન આપણા ડોક્ટર છે, નર્સ અને પેરામેડિકલ સ્ટાફ છે. અમે તેમની સેવા માટે હંમેશા તેમના આભારી રહીશું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ૧૯૮૧ના ફ્લૂની યાદ અપાવતા કહ્યું કે, માટે જ પ્રધાનમંત્રીના ધ્યેય વાક્ય 'જ્યારું સુધી દવા નહીં ત્યાં સુધી ઢીલ નહીં'ના મંત્રીને દરેક વ્યક્તિએ અપનાવવો જોઈએ. ૨૦૨૦ની આ જંગ એટલા માટે પણ અનોખી છે કારણ કે તેમાં દુશ્મન અદ્રશ્ય છે. ડોક્ટરોની મહેનતથી કોરોના સામેની જંગ જીતવામાં સફળતા મળી રહી છે.

તેમણે કહ્યું કે, બ્રિટેનમાં નવા સ્ટ્રેનની જાણકારી મળી છે. એવામાં આપણે વધારે સાવચેત રહેવાની જરૂરત છે. આ એક ગંભીર મુદ્દો છે. જ્યાં સુધી વિશ્વના દરેક વ્યક્તિને રસી આપવામાં નહીં આવે ત્યાં સુધી આ લડાઈ ચાલુ રહેશે. તેમણે કહ્યું કે, સરકાર દરેક સ્તર પર સક્રિય છે. ટૂંકમાં જ કોરોનાથી બચવા માટે રસીકરણ શરૂ થઈ જશે.

## તાડી પીઓ, કોરોના નહીં થાયઃ બસપા ધારાસભ્યનું વિવાદાસ્પદ નિવેદન

ન્યુ દિલ્હી/ બલિયા,તા.૨૩

માયાવતીના બસપા પક્ષના એક નેતા ભીમ રાજભરે બલિયામાં એક સમારંભમાં વિવાદાસ્પદ વિધાન કર્યું હતું. તેમણે કહ્યું કે ગંગાજળ કરતાં તાડી વધુ શુદ્ધ છે. તાડી પીઓ તો કોરોના નહીં થાય. કોરોના વાઈરસથી બચવું હોય તો તમે તાડી પીઓ. તેમણે કહ્યું કે અમારો રાજભર સમાજ તાડીથી જ પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે.

તાડનું વૃક્ષ પૃથ્વી પર સૌથી પ્રાચીન વૃક્ષ છે અને એનો રસ સૌથી વધુ પૌષ્ટિક છે. એ શરીરની ઈમ્યુનિટી કુદરતી રીતે વધારે છે. આજે ગંગાજળ કરતાં તાડી વધુ શુદ્ધ છે. માટે કોરોનાથી બચવું હોય તો તાડી પીઓ. બસપાના બલિયા એકમના અધ્યક્ષ બન્યા બાદ ધારાસભ્ય ઉમાશંકર સિંઘે રાજભરના જાહેર સન્માનનો કાર્યક્રમ યોજ્યો હતો ત્યાં ભીમ રાજભર બોલી રહ્યા હતા.

## ખેડૂતો બ્રિટિશ સાંસદોને પત્ર લખીને પોતાની મુશ્કેલી વર્ણવશે

ન્યુ દિલ્હી,તા.૨૩

કૃષિ કાયદા રદ કરાવવા છેલ્લા લગભગ એક માસથી આંદોલન કરી રહેલા અને દિલ્હીના સીમાડા રોકીને બેઠેલા ખેડૂતો હવે મોદી સરકારને આંતરરાષ્ટ્રીય લેવલે મૂંઝવવાની યોજના ઘડી રહ્યા હોવાની જાણકારી મળી હતી.

ખેડૂતો બ્રિટિશ સાંસદોને પત્ર લખીને પોતાની મુશ્કેલી વર્ણવશે અને બ્રિટિશ વડા પ્રધાનને ભારતના પ્રજાસત્તાક દિની ઊજવણીમાં ન આવે એવી વિનંતી કરવાનું કહેશે. અત્રે એ યાદ રહે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જહૉન્સનને ૨૦૨૧ના પ્રજાસત્તાક દિને મુખ્ય મહેમાન તરીકે પધારવાનું આમંત્રણ મોકલ્યું હતું.

સાથોસાથ ખેડૂત આંદોલનો વિદેશમાં વસતા ભારતીય નાગરિકોને વિનંતી કરશે કે જે તે દેશમાં ભારતીય રાજદૂતાવાસની સામે તમે આંદોલન કરો અને અમારી મુશ્કેલી વર્ણવીને કહેજો કે ભારત સરકાર કૃષિ કાયદા અંગે લોકોને ગૂમરાહ કરી રહી હતી. ભારતમાં ઘરઆંગણે ખેડૂતો ગામે ગામ ફરીને કૃષિ કાયદાના ગેરફાયદા લોકો સમક્ષ રજૂ કરશે અને એ રીતે લોકમત જાગૃત કરીને કેન્દ્ર સરકારને આ કાયદા રદ કરવાની ફરજ પાડશે.

## તંત્રી સ્થાનેથી...

# એમએસપી નો કાયદામાં સમાવેશ કરે તો.....

# ખેડૂત આંદોલન સમેટાઈ જવાની શક્યતા....!!

દેશમાં ચાલી રહેલું ખેડૂત આંદોલન દિવસે દિવસે વધુ મજબૂત બનતું જઈ રહ્યું છે. હવે અન્ય રાજ્યોમાં પણ ખેડૂતોએ નવા કૃષિ કાયદાના વિરોધમાં બુગીયો ફુકવાની શરૂઆત કરી દીધી છે. આ આદોલનમા દિલ્હી, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર સહિત કેટલાક રાજ્યના ખેડૂતો દિલ્હી, રાજસ્થાન -દિલ્હી અને હરિયાણા- દિલ્હીને જોડતા તમામ રસ્તાઓ ઉપર ખેડૂતોની સંખ્યા વધવા લાગી છે. દિલ્હી રાજ્યને જોડતા રસ્તાઓની અમારા જીએનએસના પ્રતિનિધિઓએ રૂબરુ મુલાકાત લેતા જાણવા મળ્યું કે આ આંદોલનમાં માત્ર ખેડૂતોજ છે, અહીં કોઈ ખેડૂત નેતા નથી કે કોઈ ખેડૂત આગેવાન નથી પરંતુ સમુહ ખેડૂત આંદોલન છે. ખેડૂતોએ રાજકારણને આંદોલનમાં પ્રવેશવા દીધા નથી એ નોંધનીય બાબત છે.જો કે ભાજપના એક નાના નેતાએ ખેડૂત આંદોલનમાં ભળી જઈને ખાલિસ્તાન ઝિંદાબાદના નારા લગાવતા તેને ખેડૂતોએ પકડી પાડીને મેથીપાક આપીને પોલીસને સૌંપી દીધો હતો. તેનો વિડીયો સમગ્ર દેશમાં વાયરલ થતાં લોકોમાં સરકાર માટે અવિશ્વાસ સાથે અનેક શંકા-કુશંકાઓ ઉદભવી રહી છે. બીજી તરફ ઉત્તર પ્રદેશમાં ખેડૂતોએ કૃષિ કાયદાનો વિરોધ કર્યો હતો તે પૈકીના પાંચ ખેડૂતોને યોગી સરકારે ૫૦૦૦૦ બોન્ડ માટેની નોટિસો આપતાં તેની અસર પણ દેશભરમાં પડી છે અને આ બાબતના પડઘા અન્ય રાજ્યના ખેડૂતો, મજૂર સંગઠનો અને સંસ્થાઓ પર પડતા હવે તેઓ પણ ખેડૂત આંદોલનનું સમર્થન કરવા લાગ્યા છે. તો મીડિયા કે સરકાર દ્વારા જુઠાણું ચલાવ્યું કે આ આંદોલન કરનારા ખેડૂતો નથી પરંતુ વચેટીયાઓ છે, તો ખટ્ટર સરકાર કહ્યુ કે આંદોલન ચલાવવા પાકિસ્તાન નાણા આપે છે.જે વાતો જુઠાણું હોય વધુ ખેડૂતો આંદોલનમાં જોડાવા લાગ્યા છે. તેમજ જે તે મિડીયા જૂઠાણાં ચલાવતા હતા તેઓ સ્થળ પર આવે તો તેનો મોટા પ્રમાણમાં વિરોધ થવા લાગ્યો. તે સાથે અદાણીએ હરિયાણામાં જમીન રાખી અને એગ્રીકલ્ચર બાબતના બોર્ડ લગાવ્યા અને તે જમીન પર સ્ટોરેજનું બાંધકામ ચાલતું હતું તે વિસ્તારનો વિડીયો વાયરલ થયો.બીજી તરફ અંબાણી અને અદાણી દ્વારા એગ્રીકલ્ચર નામધારી રજિસ્ટર થઈ હોવાની વાત એક સાંસદ દ્વારા જાહેર થવા સાથે તેનો વિડીયો વાયરલ થતાં ખેડૂતોએ રિલાયન્સના જીયો તેમજ તેની તમામ ચીજ-વસ્તુઓ,મોલ્સોનો બહિષ્કાર કરવા સાથે બીએસએનએલમા મોટી સંખ્યામાં જોડાઈ ગયા તેનાથી રિલાયન્સને મોટો ફટકો પડ્યો છે.તો સરકારની તરફદારી કરતા જે તે મીડિયાને પણ ફટકો પડયો છે.....!

આંદોલન કરતા ખેડૂતોને સરકાર એમએસપી (પાકોની કિંમત) બાબતે લેખિત બાહેધરી આપવા કહ્યુ પરંતુ ખેડૂતો તે બાબત એટલે નથી સ્વિકારતા કે લેખિત બાહેધરીનો કોઈ અર્થ નથી તે કોર્ટમાં વેલીડ નથી પરંતુ કાયદામાં એમએસપીના પ્રાવધાનનો સમાવેશ કરો તેવી માંગ કરે છે. આ અંગેનું કારણ સરકાર પર અવિશ્વાસ... કારણ લેખિત બાંયધરી આપે તો કોર્ટમાં વેલીડ નથી... કોર્ટમાં કાયદા અનુસાર જ કાર્યવાહી ચાલે છે.બાહેધરીનો સ્વિકાર કરવામાં આવે નહીં....તેનુ કારણ છે તેનો કાયદામાં સમાવેશ નથી. બીજી બાબત ખાનગી મંડીઓનો વિરોધ કરે છે કારણ એપીએમસીની બાજુમાં ખાનગી મંડી બને એટલે તે શરુઆતના તબક્કે ખેડૂતોનો પાક વધુ કિંમત આપી ખરીદી કરે અને ખેડૂતો એપીએમસી થી દૂર થઈ જાય.... પરંતુ ચાર પાંચ વર્ષ માટેજ આવું ચલાવે.... આ દરમિયાન સરકાર સરકારી એપીએમસી નો ખર્ચ વધુ થાય છે તેવા બહાના હેઠળ સરકાર જ તેને બંધ કરી દે.....! પરિણામે ખેડૂતોને તેમના ઉત્પાદનની કિંમત જ નહીં મળે એટલે કે ખાનગી મંડળીઓ પોતાનો મનગમતી કિંમતોને કૃષિ પાકો ખરીદશે...આવા કારણે ખેડૂતો નવા ત્રણેય કૃષિ કાનૂન રદ કરવાની માંગ પકડી રાખી છે. તેઓ ગુજરાતની સરકારી શાળાઓ મર્જ કરવાનું કારણ ખાનગી શાળાઓને પ્રોત્સાહન આપ્યું તેનો દાખલો આપતા કહે છે કે અત્યારે ગુજરાતમાં ખાનગી શાળાઓનો રાફડો ફાટ્યો છે અને મનચાહી રીતે મોટી ફી વસુલે છે...જે સામાન્ય લોકોને કે ગરીબ લોકોને ભારે પડી રહી છે.સરકાર ખાનગી શાળાઓને મહત્વ આપી રહી છે અને તે કારણે સરકારી શાળાઓ મર્જ કરતી જાય છે. લોકોનો મોટો વિરોધ છતાં સરકાર કાઈ કરી શકતી નથી અને આવુજ નવા કૃષિ કાનુન ને લઈને થશે તેવી શંકાએ ખેડૂતોમાં ઘર કરી લીધું છે.....!!

### વડાપ્રધાન મોદીને રાહુલ ગાંધીનો સવાલ

# ચીન-અમેરિકામાં કોરોના રસીકરણ શરુ, મોદીજી ભારતનો નંબર ક્યારે આવશે?



ન્યુ દિલ્હી,તા.૨૩

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોના વેક્સીનને લઈ મોદી સરકાર પર સવાલ ખડા કર્યા છે. દુનિયાના કેટલાક દેશોમાં કોરોનાનું સંક્રમણ અટ્કાવવા તેની વેક્સીન આપવાની શરૂ કરી દેવાનો હવાલો આપીને પુછ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જણાવે કે ભારતનો નંબર ક્યારે આવશે?

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દુનિયામાં અત્યાર સુધીમાં ૨૩ લાખ લોકોને કોરોનાની વેક્સીન આપી દેવામાં આવી છે. ચીન-બ્રિટન-અમેરિકા અને રશિયાએ કોરોનાની વેક્સીન આપવાનું શરૂ કરી દીધું છે. મોદીજી જણાવે કે આ વેક્સીન ભારતમાં ક્યારે આવશે?

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ ભારતમાં વેક્સીનેશનને લઈને સવાલ પૂછ્યો છે- ‘ભારત કા નંબર કબ આએગા મોદી જી?’

રાહુલે એક ટ્વીટ કરીને કહ્યું હતું કે, દુનિયામાં ૨૩ લાખ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. ચીન, અમેરિકા, બ્રિટન, રશિયાએ વેક્સીનેશન શરૂ કરી દીધું છે. ભારતનો નંબર ક્યારે આવશે મોદી જી?

# સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ બેકાર અને બિનજરૂરી: ૬૯ પૂર્વ અમલદારોએ PM મોદીને લખ્યો પત્ર

ન્યુ દિલ્હી,તા.૨૩

પૂર્વ અમલદારોના એક ગ્રુપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક ખુલ્લો પત્ર લખીને સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પરિયોજના પર ચિંતા વ્યક્ત કરી છે. “કૉન્સ્ટિટ્યૂશનલ કંડક્ટ ગ્રુપ”ના બેનર હેઠળ ૬૯ નિવૃત સરકારી બાબૂઓએ દાવો કર્યો છે, દેશના લોકો સ્વાસ્થ્ય સેક્ટરમાં રોકાણની રાહ જોઈ રહ્યાં છે. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે, સ્વાસ્થ્ય અને શિક્ષણ જેવી સામાજિક પ્રાથમિક્તાઓના સ્થાન પર બેકાર અને બિનજરૂરી યોજનાએ પ્રાથમિક્તા કેમ આપવામાં આવી રહી છે?



આ પત્ર પર પૂર્વ આઈએએસ અધિકારીઓ જવાહર સરકાર, જાવેદ ઉસ્માની, એનસી સક્સેના, અરુણા રૉય, હર્ષ મંદર અને રાહુલ ખુલ્લર સિવાય પૂર્વ આઈપીએસ અધિકારીઓ એએસ દુલ્લત, અમિતાભ માથુર અને જૂલિયો રિબેરોના હસ્તાક્ષર છે. તેમણે કહ્યું છે કે,

“સંસદના નવા ભવન માટે કોઈ ખાસ કારણ ના હોવા છતાં આ ખૂબ જ ચિંતાનો વિષય છે કે, જ્યારે દેશની અર્થ વ્યવસ્થા કથળી રહી છે. જેના કારણ દેશના લાખો લોકોની હાલક કફોડી કરી દીધી છે, તેવામાં સરકારે ધામધૂમથી આ યોજનામાં રોકાણ કરવાનો વિકલ્પ પસંદ કર્યો છે.”

પત્રમાં આરોપ લગાવ્યો છે કે, અમે આપણી ચિંતાઓએ વાકેફ કરાવવા માટે તમને આ પત્ર એટલા માટે લખી રહ્યાં છે, કારણ કે સરકાર અને તેના પ્રમુખ તરીકે તમારે સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પરિયોજના મામલે કાયદાનો અનાદર કર્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ જ આ પરિયોજનામાં બેજવાબદાર વલણ દાખવવામાં આવ્યો છે. જે અગાઉ કદાચ ક્યારેય જોવા નથી મળ્યું. જણાવી દઈએ કે, રાષ્ટ્રીય રાજધાનીમાં સેન્ટ્રલ વિસ્ટા પરિયોજના અંતર્ગત સંસદના નવા પરિસર, કેન્દ્રીય મંત્રાલયો માટે સરકારી ઈમારતો, ઉપરાષ્ટ્રપતિ માટે નવા એન્ક્લેવ, પીએમઓ કાર્યાલય અને આવાસ સહિત અન્ય નિર્માણ કાર્ય કરવામાં આવનાર છે. આ પરિયોજના પર કામ કરી રહેલા સીપીડબલ્યુડીએ અંદાજિત ખર્ચ ૧૧,૭૯૪ કરોડ રૂપિયાથી વધારીને ૧૩,૪૫૦ કરોડ રૂપિયા કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ ૧૦ ડિસેમ્બરે સંસદના નવા ભવનનું ભૂમિ પૂજન કર્યું હતું. પત્રમાં પૂર્વ અમલદારોએ કેસ કોર્ટમાં હોવા છતાં સંસદના નવા ભવનના નિર્માણની દિશામાં અયોગ્ય તરીકે આગળ વધવાનો આરોપ લગાવ્યો છે.

# ઈઝરાયેલમાં મોટું રાજકીય સંકટ: નેતન્યાહૂએ સંસદ ભંગ કરી

જેરુસલેમ,તા.૨૩

ઈઝરાયેલમાં રાજકીય સંકટ ઊભું થયું છે. પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂની ગઠબંધન સરકાર બજેટ રજુ કરવામાં નિષ્ફળ જતા સંસદને ભંગ કરવામાં આવી છે. આમ ઈઝરાયેલમાં માત્ર બે વર્ષમાં ચોથી ચૂંટણી યોજાય તેવી પ્રબળ શક્યતા ઊભી થઈ છે. ગઠબંધન સરકારના સહયોગી અને રક્ષામંત્રી બેની ગેન્ટ્ઝએ નેતન્યાહૂ પર વચન તોડવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે દેશમાં નવી ચૂંટણી કરાવવામાં આવે તે જ સારું રહેશે. નોંધનીય છે કે ડિસેમ્બરની શરૂઆતમાં સંસદ ભંગ કરવાનો પ્રસ્તાવ રજુ કરાયો હતો. તેના પક્ષમાં ૬૧ મત પડ્યા હતા.

સંસદ ભંગ થયા બાદ કહેવાય છે કે ઈઝરાયેલમાં આગામી વર્ષ માર્ચમાં ચોથીવાર સામાન્ય ચૂંટણી કરાવવામાં આવશે. બેન્જામિન નેતન્યાહૂ સરકાર પાસે ૨૦૨૦ બજેટ પાસ કરવા માટે માત્ર ગણતરીના કલાકો બાકી છે. જો સરકાર તેમા નિષ્ફળ જશે તો બંધારણીય રીતે સંસદ ભંગ ગણવામાં આવશે અને ત્યારબાદ ફરીથી ચૂંટણી કરાવવા સિવાય કોઈ વિકલ્પ નહીં રહે.

નેતન્યાહૂ લિકુડ પાર્ટીના અધ્યક્ષ છે. જ્યારે ગેન્ટ્ઝ બ્લ્યુ એન્ડ વ્હાઈટ પાર્ટી સાથે જોડાયેલા છે. એપ્રિલમાં બંને પક્ષોએ એક જોઈન્ટ કરાર હેઠળ સરકાર બનાવી હતી. જો કે જલદી બે પક્ષો વચ્ચે મતભેદો સામે આવવા લાગ્યા. ગેન્ટ્ઝનું કહેવું છે કે બેન્જામિન નેતન્યાહૂ વચન તોડી રહ્યા છે. પરંતુ પ્રધાનમંત્રીએ આ આરોપો ફગાવ્યા. બંને વચ્ચે તાજો વિવાદ બજેટને લઈને છે. ગેન્ટ્ઝે માગણી કરી હતી કે ૨૦૨૦ અને ૨૦૨૧ બંનેને કવર કરતા એક બજેટ પાસ કરવામાં આવે. જેથી કરીને સ્થિરતા જળવાઈ રહે. પરંતુ પ્રધાનમંત્રી તેના માટે તૈયાર થયા નહીં. નેતન્યાહૂના સમર્થકોનું કહેવું છે કે ગેન્ટ્શનો આ પ્રસ્તાવ ફક્ત સરકારને અસ્થિર કરવાનું ષડયંત્ર છે. તેઓ નેતન્યાહૂને હટાવીને પોતે પ્રધાનમંત્રી બનવા માંગે છે.

### રશિયાએ કાયદો પસાર કર્યો

# રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઉપર આજીવન નહીં થઈ શકે કોઈ કેસ

મોસ્કો,તા.૨૩

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને એવો કાયદો પસાર કર્યો છે જેને પગલે તે તમામ કાયદાથી ઉપર ગણાશે. આ બિલ રાષ્ટ્રપતિઓને પદથી હટાવ્યા બાદ પણ આજીવન તેમની સામે ગુનાહિત કેસોમાં તેમનું રક્ષણ કરશે. નવા કાયદા અંતર્ગત રશિયાના પૂર્વ રાષ્ટ્રપતિ સાથે તેમના પરિવારના લોકો પણ પોલીસ તપાસ અને પૂછપરછના દાયરામાં આવશે નહીં. કાયદા દ્વારા હવે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન પદ છોડ્યા પછી પણ આજીવન સેનેટર રહેશે અને તેમને તમામ ગુનાહિત કેસમાં રક્ષણ પ્રાપ્ત થશે.

નવો કાયદો પૂર્વ રાષ્ટ્રપતિ તેમજ તેમના પરિવારનો પોલીસ અથવા એજન્સીઓની પૂછપરછ, તપાસ તેમજ ધરપકડ સામે કલચ પુરું પાડશે. આ કાયદો ચાલુ વર્ષે ઉનાળામાં હાથ ધરાયેલા જનમત સંગ્રહ બાદ કરાયેલા બંધારણીય સંશોધનનો હિસ્સો છે જેની હેઠળ પુતિન ૨૦૩૬ સુધી દેશના રાષ્ટ્રપતિ પદે સત્તારૂઢ રહી શકે છે. આ કાયદા અગાઉ પૂર્વ રાષ્ટ્રપતિઓને તેમના કાર્યકાળ દરમિયાન દાખલ થયેલા ગુનાહિત કેસોમાં છૂટકારો મળી શકતો હતો. પુતિન વર્ષ ૨૦૦૦થી રશિયાના રાષ્ટ્રપતિ પદે છે.

નવા કાયદા હેઠળ દેશદ્રોહ અથવા અન્ય ગંભીર ગુનાના આરોપો અને સુપ્રીમ તેમજ બંધારણીય કોર્ટ દ્વારા આરોપો પુરવાર થાય છે તેવા કિસ્સામાં પૂર્વ રાષ્ટ્રપતિને મળેલી આ પ્રતિરક્ષા છીનવાઈ શકે છે, પરંતુ તેની પ્રક્રિયા ઘણી જટિલ બનાવી દેવામાં આવી છે.

મંગળવારે પુતિને જે બિલ પર હસ્તાક્ષર કર્યા છે તે પૂર્વ રાષ્ટ્રપતિને ફેડરેશન કાઉન્સિલ અથવા સેનેટમાં આજીવન સભ્યપદ આપે છે. આ એવું પદ છે કે જે રાષ્ટ્રપતિ પદ પરથી ઉતર્યા બાદ પણ વ્યક્તિને ગુનાહિત કેસોમાં રક્ષણ આપે છે.

ગત સપ્તાહે આ બિલમાં વિલંબ થતા એવી અટકળો વહેતી થઈ હતી કે નાદુરસ્ત તબિયતને પગલે પુતિન રાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી શકે છે. જો કે ક્રેમલિને આ અટકળોને પાયાવિહોણી ગણાવી હતી.

# ખેડૂતો માટે જીવનની અંતિમ ભૂખ હડતાળ કરીશ: અન્ના હઝારે

*મુંબઈ,તા.૨૩*

નવા કૃષિ કાયદને પાછો લેવાની માંગ માટે પંજાબ-હરિયાણાના ખેડૂતો દિલ્લીની સિંધુ બૉર્ડર પર અડગ છે. સરકાર પણ વાતચીત દ્વારા સમસ્યાનુ સમાધાન કરવાની કોશિશ કરી રહી છે પરંતુ ખેડૂતો પાછા હટવા માટે તૈયાર નથી. કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે ગુરુવારે આઠ પાનાંનો પત્ર લખીને કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલ ખેડૂતોને ખાસ અપીલ પણ કરી હતી પરંતુ ખેડૂતોએ તેમની વાત માનવાની ના પાડી દીધી. વળી, સમાજસેવી અન્ના હજારેના એક પત્રએ સરકારની મુશ્કેલી વધારી દીધી છે. વાસ્તવમાં ૮૩ વર્ષના અન્ના હજારેએ ખેડૂતોના આંદોલન વિશે કેન્દ્ર સરકારને એક વાર ફરીથી પત્ર લખ્યો છે જેમાં તેમણે લખ્યુ છે કે કૃષિ મંત્રીએ જે લેખિત આશ્વાસ આપ્યુ હતુ તેનુ પાલન કરવામાં આવ્યુ નથી માટે હું મારા જીવનની અંતિમ ભૂખ હડતાળ ફરીથી શરૂ કરીશ જેને ક્યાં કરવાની છે.

### સંજીવની ક્રેડિટ સોસાયટીના કૌભાંડ મામલે

# કેન્દ્રીય પ્રધાન ગજેન્દ્ર સિંઘ શેખાવતને રાજસ્થાન હાઈકોર્ટની નોટિસ

જોધપુર,તા.૨૩

સંજીવની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના કરોડો રૂપિયાના કૌભાંડના કેસમાં રાજસ્થાન હાઈકોર્ટે કેન્દ્ર સરકાર સહિત ૧૭ વ્યક્તિને નોટિસ મોકલી હતી જેમાં કેન્દ્રના પ્રધાન ગજેન્દ્ર સિંઘ શેખાવતનો પણ સમાવેશ થયો હતો.

આ કિસ્સાની વિગતો કંઈક આ પ્રકારની છે. ૨૦૦૮માં રાજસ્થાન સોસાયટી એક્ટ હેઠળ સંજીવની કો-ઓપરેટિવ સોસાયટી રચવામાં આવી. એના પહેલા મેનેજિંગ ડાયરેક્ટર વિક્રમ સિંઘ હતા. જે ૧૭ જણને હાઈકોર્ટે નોટિસ મોકલી છે એમાં વિક્રમ સિંઘનો પણ સમાવેશ થાય છે.

૨૦૧૦માં આ સોસાયટીને મલ્ટિ સ્ટેટ સોસાયટી તરીકે પરિવર્તિત કરાઈ. બોગસ પોસ્ટરો અને પ્રચાર દ્વારા હજારો લોકો પાસે મૂડી રોકાણ કરાવાયું. આશરે ૯૦૦ કરોડનું આ કૌભાંડ હતું. જેમણે મૂડી રોકાણ કર્યું હતું એમને વ્યાજ કે ડિવિડન્ડ તો ઠીક, મૂળ રકમ પણ પાછી મળી નહોતી. રાજસ્થાન હાઈકોર્ટમાં આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હાલ રાજસ્થાન હાઈકોર્ટની જોધપુર ડિવિઝનલ બેંચ સમક્ષ એની સુનાવણી નીકળી હતી. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને પણ નોટિસ મોકલી હતી.

આ કૌભાંડની પાછળ મેનેજિંગ ડાયરેક્ટર વિક્રમ સિંઘનું ભેજું હોવાનું કહેવાય છે. તેમની ધરપકડ પણ પોલીસે કરી હતી.

# એમસીએક્સ દ્વારા ક્રૂડ તેલ પર વાયદા અને ઓપ્શન્સના માર્જિનમાં ધરખમ ફેરફાર કરાયો

મુંબઈ

એમસીએક્સ દ્વારા તા.૨૨ ડિસેમ્બરના રોજ એક પરિપત્ર જાહેર કરીને ક્રૂડ તેલના ફ્યુચર્સ અને ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં લાગતા માર્જિનમાં બજારને અનુરૂપ ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. જે હેઠળ, પ્રારંભિક માર્જિન જે અગાઉ ૧૦૦ ટકા લાગતું હતું એ હવેથી એટલે કે ૨૩ ડિસેમ્બર, ૨૦૨૦થી અમલી બને તે રીતે ૫૦ ટકા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વધારાનું માર્જિન જે નજીકના મહિનાના કોન્ટ્રેક્ટમાં રૂ.૧ લાખનું માર્જિન લાગતું હતું અને દૂરના મહિનાના વાયદામાં રૂ.૫૦,૦૦૦નું માર્જિન લાગતું હતું અને શોર્ટ ઓપ્શન્સ માર્જિન જે રૂ.૫૦,૦૦૦નું હતું, આ તમામ વધારાના માર્જિન્સને પણ દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કેલેન્ડર સ્પ્રેડ માર્જિન બેનિફીટ પહેલાં ૨૮ એપ્રિલ, ૨૦૨૦થી પાછલા ખેંચી લેવામાં આવ્યા હતા, જેને હવે ફરીથી અમલમાં મૂકવામાં આવ્યા છે. આનો ક્રૂડ તેલના સ્પ્રેડ ટ્રેડર્સને ખૂબ જ મોટો લાભ થશે એવી બજારમાં ચર્ચા છે.

આ ફેરફારથી પહેલાં લગભગ ટકાવારીની દૃષ્ટિએ ૧૩૦ ટકા જેટલું માર્જિન આશરે લાગતું હતું, તે હવેથી ફક્ત ૫૧.૨૫ ટકા જેટલું લાગશે અને કીમતની દૃષ્ટિએ જોઈએ તો જે પહેલાં લોટદીઠ લગભગ સાડા ૪ લાખ રૂપિયાનું માર્જિન લાગતું હતું, જે હવેથી ફક્ત રૂ.૧,૭૫,૦૦૦ સુધીમાં કામકાજ થઈ શકશે અને કેલેન્ડર સ્પ્રેડ પોઝિશન પર ઉપરોક્ત માર્જિનમાં પણ ૫૦ ટકાના લાભ સાથે લગભગ ૮૦થી ૮૫ હજાર રૂપિયામાં કામકાજ થઈ શકશે. બજારના સહભાગીઓ આ પરિવર્તન એક આવકારદાયક પગલું છે અને આવનારા દિવસોમાં એક્સચેન્જ પર ક્રૂડ તેલના કામકાજમાં વ્યાપક વધારો થશે એવું જાણકારોનું માનવું છે.

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને બુધવારે પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૪૦,૦૨૭ સોદામાં રૂ.૧૫,૪૫૪.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૫૬૮૨૨ સોદાઓમાં રૂ.૮૦૯૩.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦૪૨ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૧૩૪ અને નીચામાં રૂ.૪૯૮૩૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૫ ઘટીને રૂ.૪૯૮૬૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૮૯૪ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૬૩ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨ ઘટીને બંધમાં રૂ.૪૯૬૪૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૬૮૭ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૪૯૦ અને નીચામાં રૂ.૬૬૩૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૧ ઘટીને રૂ.૬૬૭૯૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૭ ઘટીને રૂ.૬૬૭૯૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૩૬ ઘટીને રૂ.૬૬૭૯૬ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૯૧૪૧ સોદાઓમાં રૂ.૨૨૨૭.૧૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૪૪૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૮૮ અને નીચામાં રૂ.૩૪૧૯ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ ઘટીને રૂ.૩૪૭૯ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૪૮૨૯ સોદાઓમાં કુલ રૂ.૬૧૧.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૦૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૩૪૦ અને નીચામાં રૂ.૧૯૯૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૭૦ વધીને રૂ.૨૦૩૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૪૧.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪.૪ વધીને બંધમાં રૂ.૯૫૩.૬ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૪ અને નીચામાં રૂ.૯૮૨.૧ રહી, અંતે રૂ.૯૮૭.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૭ અને નીચામાં રૂ.૧૧૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ વધીને રૂ.૧૧૯૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૯૪૭૬ સોદાઓમાં કુલ રૂ.૩૬૦૬.૨૩ કરોડ ની કીમતનાં ૭૨૧૬.૯૮૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૨૭૩૪૬ સોદાઓમાં કુલ રૂ.૪૪૮૬.૯૮ કરોડ ની કીમતનાં ૬૭૦.૭૪૧ ટન, ક્રૂડ તેલમાં ૫૪૦૮ સોદાઓમાં રૂ.૩૩૨.૯૩ કરોડનાં ૯૬૪૨૦૦ બેરલ્સ, કોટનમાં ૮૨૦ સોદાઓમાં રૂ.૭૪.૫૨ કરોડનાં ૩૬૬૦૦ ગાંસડી, સીપીઓમાં ૩૮૨૨ સોદાઓમાં રૂ.૫૧૭.૯૫ કરોડનાં ૫૪૬૪૦ ટન, મેન્થા તેલમાં ૧૫૭ સોદાઓમાં રૂ.૧૮.૫૩ કરોડનાં ૧૮૬.૮૪ ટન, કપાસમાં ૩૦ સોદાઓમાં રૂ.૭૧.૪૩ લાખનાં ૧૨૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૮૭૦.૨૫૮ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૪૭.૬૬૬ ટન, ક્રૂડ તેલમાં ૧૯૦૭ બેરલ્સ, કોટનમાં ૧૦૭૭૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૦૦૭૫૦ ટન, મેન્થા તેલમાં ૧૨૫.૨૮ ટન અને કપાસમાં ૫૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦૨.૫ ખૂલી, ઊપરમાં રૂ.૮૯૦.૫ અને નીચામાં રૂ.૭૨૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૬૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૪ અને નીચામાં રૂ.૩૬૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૩૪ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૩૫.૫ અને નીચામાં રૂ.૨૧૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૫૪૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૮૫ અને નીચામાં રૂ.૭૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૯૪.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૬.૮ અને નીચામાં રૂ.૧૨૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૧.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૨૧૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૮.૫ અને નીચામાં રૂ.૧૬૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૩.૭ બંધ રહ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે " એકરાર,સ્વપ્ન સંસાર,સપના જેવો સંબંધ વિષય અંતર્ગત ગ્રુપ ના સભ્યો ની પદ્ય રચનાઓ...

---

પદ્ય વિભાગ
NOG SS No. 0059
જયકાન્ત એસ ઘેલાણી " પ્યારે".
વિભાગ હાઈકુ.
શબ્દો :- એકરાર, સ્વપ્ન સંસાર,
સપના જેવો સંબંધ.
શીર્ષક:- હાઈકુ.

હું શાને માટે
કરે તે એકરાર
ભૂલ છે તેની.
જોડે બધાની
સંબંધ સ્વપ્ન તણો,
જેવો રાખવો.
એક દિવસ
સ્વપ્ન મહીં સંસાર
જશું છોડીને.
છું હું નિર્દોષ
એકરાર શા માટે
કરું દોષોનો.
સંત ને સતી
સ્વપ્નું કદી સંસારનું
વિચારે નહિ.
વિચારવું શું ?
કર્યા પહેલાં તો એકરાર તે.
જયકાન્ત એસ ઘેલાણી
પ્યારે". બોરીવલી.

---

NOG SS.No. 0023
વિષય :- સ્વપ્ન સંસાર
પ્રકાર :- પદ્ય
શિર્ષક :- હંસલો

"હંસા" કેરો હંસલો ઉડી રે.. ગયો...(૨)
માયા કેરી મમત છોડી ગયો... રે...
"હંસા" કેરો...હંસલો...
કુટુંબ કબીલો સ્નેહથી ભરેલો...
સહુનો હાથ છોડાવી ગયો રે...
"હંસા" કેરો... હંસલો...
નાના પ્યારા બાળ ખોળો રે.. ખૂંદતા
મોહ એ જગતનો ત્યાગી ગયો.. રે...
"હંસા" કેરો.. હંસલો...
શાંત, સ્વભાવ પ્રસરે ચારે કોર...
લોક સહુને પ્રેમે રડાવી ગયો... રે...
"હંસા" કેરો.. હંસલો...
પ્રભુ સ્મરણતાં દિલમાં સદાય...
નમન કરી શરણમાં ગયો.. રે...
"હંસા" કેરો.. હંસલો...
ઉડતાં ના લાગશે વાર.. હંસલા...
સ્વપ્ન સંસાર સમજાવી ગયો રે...
"હંસા" કેરો... હંસલો...
છાયા શાહ.. મુંબઈ.
તા. ૧૩/૧૨/૨૦૨૦ નાં મમ્મી હંસાબહેનનાં દેહપરિવર્તન નિમિત્તે સાદર

---

NOG સાહિત્ય સરિતા
NOG SS No: 40
પ્રકાર: પદ્ય
શીર્ષક : એકરાર

કરી દીધું સઘળું સમર્પિત સાગરને; સરિતાએ,
કિધો કોઈ દિ' એણે એકરાર?
ઊજળું આ જગત સૂરજ-ચાંદ થકી,
બાકી તો સઘળું ન ભાસે ભેંકાર?
કાંટાને તો કરવી'તી રક્ષા ગુલાબની!
છતાંય; પામ્યોને એ તિરસ્કાર!

કહે સૌ, "માંગ્યા વગર ન પીરસે 'મા' ય!!"
તથ્ય છે, માંગ્યા વગરેય એ પિરસે ધરાર!
સમર્પણ આવા કેટલાંય વગર કર્યે એકરાર!
કિંતુ સાતત્ય ખરું એમાં જ; ઉભરાય અપાર!
વૈશાલી મહેતા.

---

NOG સાહિત્ય સરિતા ( ૧ )
NOG No.- 0039
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક - સપનાં જેવો સંબંધ

કાચા પાકા પાપડ જેવાં ક્યારેક, અધકચરા સંબંધો,
નહીં શાશ્વત, નહીં સત્ય એવાં,સપનાં જેવા સંબંધો,
બંધ આંખે દેખાય ભલા, પણ આંખ ખૂલે ત્યાં છૂમંતર!
હાથમાંથી સરી જતી રેતીની જેમ સરકી જતાં સંબંધો,
વાવ્યાં બીજ લાગણીનાં તો ય કાંટા સંગ ઉગે સંબંધો,
મોહ પમાડી ભરડો લઈ લે, તો ય ન છૂટે આ સંબંધો!
સ્વાર્થના સૌ સગપણ તો પણ મધુરા લાગે સંબંધો!
સંસાર અસાર, તો ય લલચાવે,મીઠાં મધ જેવા સંબંધો,
વીતી જાય રાત,ખૂલી જાય આંખ, ભૂલાઈ જાય સપનાં,
ખરા સમયે ખોવાઈ જાય,શોધ્યા ના જડે એવા સંબંધો!
કોઈ સારા કોઈ નઠારાં,કોઈ સાચા કોઈ ખોટા!
મળ્યા ભાઈના મેળ જેવાં, નિભાવી લઈએ સંબંધો.
પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

---

દ્રંદ સાહિત્ય સરિતા
NOG SS NO - 0056
વિભાગ : પદ્ય,
શીર્ષક: સ્વપ્ન જેનો સંબંધ.

'મા' ક્યાં છે તું 'મા'
'મા' ક્યાં છે તું "મા"
પપ્પા રાતદિવસ સૂતા નથી ,
ઘરમાં બિલકુલ ટકી શકતાં નથી.
'મા' ક્યાં છે તું 'મા'
સોનલને ક્યાંય ચેન નથી.
ઘરમાં એકલી રહી શકતી નથી .
'મા' ક્યાં છે તું 'મા'
લાડુ શોધે છે.. સઘળે તુજને,
હરઘડી યાદ કરે છે... તુજને.
"મા' ક્યાં છે તું 'મા'
મનાલી ખૂબ વલખાં મારે છે,
તારા? વીના કંકાસ કરે છે.
'મા' ક્યાં છે તું 'મા'
હેમો ખૂણાઓ શોધે છે ,
હ્રદય હલકું કરવા માટે.
'મા' ક્યાં છે તું 'મા'
તુજ વિણ નથી આરામ અંશુને,
અંશ અને હિમાંશ દાદી ને શોધે છે.
'મા'ક્યાં છે તું 'મા'
નથી ભાન તારા દિનકરને,
આમ તેમ તને જ શોધ્યાં કરે છે.
'મા' ક્યાં છે તું 'મા'
મનમાં ને મનમાં બબડ્યાં કરે છે,
હરપળ તને ઈચ્છ્યાં કરે છે.
' મા' ક્યાં છે તું'મા'
તું જ વીના નથી કોઈ પ્રસંગ કે તહેવાર,
કેવી રીતે કરીએ આનંદ અને વહેવાર ?
'મા' ક્યાં છે તું'મા'
હવે સુના છે ઓરડાંને સુની છે દીવાલો !
હવે તો ઘર પણ?? સૌને ડંખ્યા કરે છે.
'મા' ક્યાં છે તું' મા'
સ્વપ્ન જેવો સંબંધ રહી ગયો "મા'
'મા' ક્યાં છે તું 'મા'
રંગીન કાગડો

---

NOG. - સાહિત્ય સરિતા
NOG SS No. - 0017
પ્રકાર - પદ્ય
શબ્દ - સ્વપ્ન સંસાર
શીર્ષક :: તને

હૈયાનાં હીંચકામાં હિલોળ્યો છે તને,
દિલનાં એક ખૂણામાં મૂક્યો છે તને.
હથેળીની રેખામાં દેખાતો નથી કશે,
મનના માળિયામાં સંઘર્યો છે તને.
કેમ આવ્યો મારા જીવનમાં ના પૂછ,
બળબળતા બપોરમાં બાળ્યો છે તને.
ના કર્યો પ્રેમનો એકરાર કદી પણ,
સ્વપ્ન સંસારમાં સદા ચીતર્યો છે તને.
છુપાવ્યો, દબાવ્યો, સંઘરવો પડ્યો,
કેટલાય કારણે મેં, રખડાવ્યો છે તને.
છો તેજના શ્વાસે શ્વાસ પળે પળમાં
જન્મોજનમનો પ્રેમી કહ્યો છે તને, તને, તને.
તેજલ વઘાસીયા (ઉમરાળી, જૂનાગઢ)

---

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No. 0018
પ્રકાર :- પદ્ય - અછાંદસ
શીર્ષક:- સપનાં જેવો સબંધ

તારો ને મારો આ કેવો અનોખો નાતો!
સાંજ પડે અને સ્વપ્ન બની તું મળવાને આવે.
વહેલી સવારે આંખ ખુલે ને,
તું ઝાકળ બની ઉડી જાય.
વહેલી સવારની ચાનાં કપમાંથી નીકળતા, ધૂમાડામાં તારી તસવીર દેખાય,
ને જેવાં ચશ્માં સાફ કરી તને નિહાળું ,
તો તું હવા બની ઉડી જાય!
રાત આખી તારી યાદોમાં વિતી જાય,
ને દિવસે તું આંસુ બની આંખેથી ટપકી જાય.
બસ તારો ને મારો આવો,
સપનાં જેવો સબંધ છે!
બની સપનું તું પ્રેમ જતાવી જાય,
ને કરું કોશિશ તને અડકવાની,
ત્યાં આંખ મારી ખૂલી જાય !
ભરત રબારી
(માંગરોળ, જી. જુનાગઢ)




## આજે ખેડૂત દિવસ

### તરસ

ખેતર સૂકું ભાસ્યું,
મેઘના વરસ્યો જાણ્યું,
જાણે માતાનું ગળું તરસ્યું,
ચાસ ચાસ પર મનડું રડ્યું.
મરવાને આજ જાઉં હું,
માત તુજ સૂત શૂળીએ ચઢું,
અંશ રૂઠ્યો ક્યાંથી લાવું ,
નીર કેરી ધાર? આ નહેર્યુંમાં ભરું!
હાથે દેવા કીધા,વૃષભે મોળા થયા,
સૂરજ ન કરે ખમ્મા, કૂવે પાણી ખોળ્યા,
માત તુજ તરસ કેમ કરી છીપાવું?
કર્મ શું ખોટા કે વિચારમાં ખોટ?
આજ ધરતી પુત્ર કરે ઉપવાસ!
કેમ કરી ઠારશે લોકોની આશ?
કેમેય ન રીઝાયા લોનનાં દેવ ને
આવી વિપત કરાવે વેઠ ને દાનવ!
જયશ્રી પટેલ

## એક સમય હતો

એક સમય હતો જ્યારે ભેસ ગાય દોહવાનો શોખ હતો એજ રીતે બહેનો સ્ત્રી ?ઓને દેશી ઘંટી માં ઘ?ઉ બાજરી દળવા નો શોખ હતો ખાણીયા માં બંટી બાજરી ખાડવા માટે સાંબેલા નો ઉપયોગ હોંશે હોંશે કરતા એજ રીતે વહેલી પરોઢે વલોણું જે માટે બે વ્યક્તિ વલોણું ફેરવવા માટે હોય એ જરૂરી હતું પરંતુ એક વ્યક્તિ વલોણું વલોવી શકે છાણ વાસીદું પશ?ઓ માટે ઘાસચારો માટે બહેનો વહેલી ઉઠી જતી પ્રસુતિ માટે ગામમાં દાયણ વિનામૂલ્યે સેવા આપતા એજ ખેતી ના કાર્યો ઉઢોળ થકી કરતા એક બળદ આપણો બીજો ફલાણા ભાઈ નો આજે મારુ ખેતર ખેડવાનુ બીજા દિવસે ફલાણા ભાઈ એમનુ ખેતર ખેડે મોટા પરીવાર માં ખેતી ?અને પશુપાલન માટે ભાઇઓ અને વહુઓ ને અલગ અલગ કામ સોંપતા એ દિવસો માં ગાય અને કૂતરા માટે પ્રથમ રોટલી બંને એજ કુતરા માટે પથ્થર ની છાટ વાહ વચ્ચે મુકતા એમાં ઘેસ છાસ નો ડુવો રેડતા એજ રીતે ઘર? આગળ લીમડે પંખી ઓ માટે પાણી ભરેલી ઠીબ અચુક બાંધતા બળદ ગાડા માં ખેતી ના તમામ કાર્યો થતાં ગામડા નો આહાર એટલે ભયો ભયો એય ને સવારે ઘેસ છાસ નો ડુવો કે બાજરી નો રોટલો લીલા મરચા ડુંગળી બપોરે કઢી બાજરી નો રોટલો ઉપર રેડા જેવી છાસ અને વાળું પણ મજબૂત સાથે ભેંસ નું દુધ વાટલુ ભરીને કોઇને કોઇ રોગ નહીં એઇ ને કુદરતી વાતાવરણ મા મોજ મોજીલુ જીવન ન ક્યાંય ખટરાગ કે ન ક્યાંય કંકાસ ગમે તો સારૂ ન ગમે તો ક્ષમાયાચના

ધીરજ વી રબારી ડેર લીલાપુરા તા જી બનાસકાંઠા

## પ્રયાગરાજમાં ઈફકો પ્લાન્ટમાં મોટી દુર્ઘટના, ગેસ લીકેજથી ૨ અધિકારીઓના મોત

પ્રયાગરાજ,તા.૨૩

પ્રયાગરાજના ફુલપુર ઈફકો પ્લાન્ટમાં ઈફ્ફકો પ્લાન્ટમાં ગઈકાલે રાત્રે એક મોટો અકસ્માત થયો હતો. એમોનિયા ગેસ લિક થવાના કારણે બે અધિકારીઓ વી.પી.સિંહ અને અભિનંદનનું મોત નીપજ્યું હતું. ઈફકો પ્લાન્ટ પર પોસ્ટ કરાયેલા ૧૫ કર્મચારીઓની તબિયત ગેસ લિકેજને કારણે નબળી પડી છે.

તમામને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. યુરીયાના ઉત્પાદન યુનિટમાં પંપ લિકેજને લીધે ગેસ લિકેજ થવાની સંભાવના છે. ફુલપુર ઈફકોના પી -૧ યુનિટ ખાતે મંગળવારે રાત્રે એમોનિયા ગેસ લિક શરૂ થયો હતો. ત્યાં હાજર અધિકારી વી.પી.સિંહ લીકેજ અટકાવવા દોડી ગયા હતા, પરંતુ તે ખરાબ રીતે દાઝી ગયો હતો.

આ પછી, અધિકારીને બચાવવા અભિનંદન પહોંચ્યો, તે પણ દાઝી ગયો. આ બંને અધિકારીઓને હાજર કર્મચારીઓએ બહાર કાઢ્યા હતા. જો કે, આ સમય દરમિયાન એમોનિયા ગેસનું લિકેજ આખા યુનિટમાં થઈ ગયું હતું અને ત્યાં હાજર ૧૫ કર્મચારીઓ તેમા ફસાઇ ગયા હતા, જેમાંથી કેટલાક બેભાન થઈ ગયા હતા. ઘટના સ્થળે પહોંચેલા નિષ્ણાંતોએ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ધરમવીર સિંહ, લાલજી, હરીશચંદ્ર, અજિત કુશવાહા, અજિત, રાકેશકુમાર, શિવા, કાશી, બલવાન, અજય યાદવ, સીએસ યાદવ, આરઆર વિશ્વર્મા, રાકેશ સહિત ઘણા કર્મચારીઓ એમોનિયાના કારણે બીમાર પડ્યા હતા. તમામને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## અમે સત્તા પર આવીશું તો ટ્રમ્પે ઘડેલી ઈમિગ્રેશન પોલિસી તુરંત રદ કરીશું: જો બાઈડન

વોશિંગ્ટન,તા.૨૩


ચૂંટણી ટાણે ડેમોક્રેટ ઉમેદવાર તરીકે જો બાઈડને એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે અમે સત્તા પર આવીશું તો ડોનાલ્ડ ટ્રમ્પે ઘડેલી ઈમિગ્રેશન પોલિસી તરત રદ કરીશું. પરંતુ હવે જ્યારે સત્તા ગ્રહણ કરવાનો સમય પાકી રહ્યો છે ત્યારે તેમણે સૂર બદલ્યો હતો અને કહ્યું હતું કે ટ્રમ્પે ઘડેલી નીતિ બદલવામાં સમય લાગી શકે છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન બાઈડેને કહ્યું હતું કે ટ્રમ્પે વધુ પડતી સખત ઈમિગ્રેશન પોલિસી ઘડી હતી. અમે સત્તા પર આવતાં વેંત એ પોલિસી રદ કરીશું. ઈમિગ્રેશન પોલિસી બદલવી અમારી અગ્રતા રહેશે. પરંતુ હવે એમણે પોતાના સૂર બદલ્યો હતો અને કહ્યું હતું કે આગલા પ્રમુખે ઘડેલી નીતિ બદલાવવામાં સમય લાગી શકે છે.

એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે કહ્યું કે ઉતાવળ કરવાની પરિસ્થિતિ વણસી શકે છે. થોડા સમય પહેલાં મારા નીતિ વિષયક સલાહકારો સાથે અમે ચર્ચા વિચારણા શરૂ કરી હતી પરંતુ મને લાગે છે કે ટ્રમ્પે ઘડેલી ઈમિગ્રેશન નીતિ બદલાવવામાં થોડો સમય લાગી શકે ખરો. વધુ પડતી ઉતાવણ કરીને પરિસ્થિતિ વણસાવવાનો કશો અર્થ નથી. તેમણે કહ્યું કે શરણાર્થીઓ અંગે મેક્સિકન રાષ્ટ્રપ્રમુખ અને લેટિન અમેરિકાના પ્રમુખ જેવા અમારા મિત્રો સાથે વાટાઘાટો ચાલી રહી હતી. એ પછી શરણાર્થીઓના મુદ્દે નિર્ણય કરીશું.

### મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના દિશાનિર્દેશનમાં સામાન્ય વહીવટ વિભાગે માળખું મંજૂર કર્યુ

# સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઓથોરિટી-કેવડીયા ઓથોરિટી માટે વિવિધ સંવર્ગના કર્મયોગીઓનું મહેકમ માળખું મંજૂર થયું



રાજપીપલા,તા ૨૩

ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા તાજેતરમાં બહાર પડાયેલા ઠરાવમાં જણાવ્યા મુજબ કેવડીયા અથોરીટી કાર્ય ક્ષેત્ર અંતર્ગત મુખ્યત્વે સ્ટેચ્યુ ઓફ યુનિટીના જંગલ સફારી, ચિલ્ડ્રન-ન્યુટ્રિશન પાર્ક, મીરર મેઝ, વેલી ઓફ ફલાવર્સ, વિશ્વ વન, કેકટસ્ ગાર્ડન, બટર ફ્લાય ગાર્ડન, આરોગ્ય વન, એકતા નર્સરી, ડાઈનોટ્રેઈલ, એકતા મોલ, એકતા ફુડકોર્ટ, એકતા દ્વાર, એકતા ઓડિટોરિયમ, ખલવાણી ઈકો ટુરિઝમ, ઝરવાણી ઈકો ટુરિઝમ, ડેકોરેટિવ લાઈટીગ, યુનિટી ગ્લો ગાર્ડન, ગરૂડેશ્વર વીયર, ગોરા બ્રીજ, નેવિગેશન ચેનલ, બે જેટ્ટી, એકતા ક્રુઝ, નૌકા વિહાર, રિવર રાફટીંગ, સાઈકલિંગ, હોમ સ્ટે, શ્રેષ્ઠ ભારત ભવન, સરદાર સરોવર રિસોર્ટ, બીઆરજી બજેટ એકોમોડેશન, ટેન્ટ સિટી-૧ અને ટેન્ટ સિટી-૨ જેવી આવાસ સુવિધાઓનું વ્યવસ્થાપન તથા સોલાર પાવર પ્રોજેકટ, વિવિધ આનુસાંગિક માળખાકીય સુવિધાઓ તથા નાગરિક સુવિધાઓ, ટિકીટીંગ, યુનિટી સ્માર્ટ કાર્ડ, ફ્રી વાઈ-ફાઈ સેવા, વેબસાઈટ, મોબાઈલ એપ જેવી ટેકનોલોજી આધારિત સેવાઓ વગેરે જેવા વિવિધ પ્રવાસન આકર્ષણો માટેના પ્રોજેકટના ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, રસ્તાઓ, પાર્કીંગ, લાઈટ તેમજ લગભગ ૨૫ ચો.કિ.મી. ક્ષેત્રફળનો વ્યાપ ધરાવતા વિશાળ વિસ્તારમાં કરવામાં આવેલ ડેકોરેટિવ લાઈટીંગ વગેરેના ઓપરેશન અને મેન્ટેનન્સ તેમજ હવે પછી જરૂરિયાત મુજબની વધારાની કામગીરી હાથ ધરવાની બાબતનો સમાવેશ થશે.

આ સમગ્ર કામગીરીના સરળ સંચાલન, વ્યવસ્થાપન અને નિભાવણી માટે જરૂરી એવું તાંત્રિક-ટેક્નિકલ અને વહીવટી-એડમીનીસ્ટ્રેટીવ માળખું મંજૂર કરાયું છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી જેઓ સામાન્ય વહીવટ વિભાગનો પણ હવાલો ધરાવે છે તેમના દિશા સૂચનમાં પ્રધાનમંત્રીના ડ્રીમ પ્રોજેકટ સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટીના સમગ્ર પરિસરની વિવિધ ગતિવિધિઓ વિશ્વભરના પ્રવાસીઓનું આકર્ષણ બને તે દિશામાં સર્વગ્રાહી આયોજનબદ્ધ પ્રયાસો વેગવંતા બનાવવામાં આવ્યા છે. તદઅનુસાર, સામાન્ય વહીવટ વિભાગે આ વિવિધ પ્રોજેકટસ માટેના ટેક્નિકલ-તાંત્રિક કામગીરીઓના સંચાલન, વ્યવસ્થાપન હેતુથી બે વર્તુળ કચેરીઓ બે અધિક્ષક ઈજનેરના વડપણમાં ઊભી કરી છે. જેમાં પ્રથમ વર્તુળ કચેરી સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંચાલન અને જાળવણીની કામગીરી અન્વયે સ્ટેચ્યુ ઓફ યુનિટી, શ્રેષ્ઠ ભારત ભવન, ગોરા બ્રીજ નેવીગેશન ચેનલ, બન્ને જેટ્ટી (શ્રેષ્ઠ ભારત ભવન તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આવેલી) અને મેન્ટેનંન્સની કામગીરી તથા જુદી જુદી જગ્યાએ સ્લોપ પ્રોટેક્શન માટે કરવામાં આવેલી ગેબીયનની કામગીરી સંભાળશે.

બીજી સર્કલ (વર્તુળ) કચેરી અન્ય તમામ પ્રોજેકટની ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી સંભાળશે.

આ બેય કચેરીઓમાં બે અધિક્ષક ઈજનેર સહિત ૪, કાર્યપાલક ઈજનેર (સીવીલ) ૧, કાર્યપાલક ઈજનેર (ઈલેકટ્રીકલ) સહિત ૧૧૨ વ્યક્તિઓ કામકાજ સંભાળવાના છે.

સરદાર સરોવર નર્મદા નિગમના વર્તમાન માળખામાંથી વિવિધ સંવર્ગના ૬૧ જેટલા કર્મીઓ તેમની આનુષાંગિક કચેરી સુવિધા સાથે આ સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગર્વનન્સ ઓથોરિટીના નિયંત્રણમાં તબદીલ કરવામાં આવ્યા છે.

અન્ય ૫૧ જગ્યાઓ વિવિધ વિભાગોમાંથી તબદીલ કરીને આ ઓથોરિટી હેઠળ ફાળવવામાં આવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરના સમગ્ર વિસ્તારના સતત થઇ રહેલા વિકાસ તથા નજીકના ભવિષ્યની જરૂરીયાતોને પહોચી વળવા ઉપરાંત વહીવટી, હિસાબી, કાયદો વ્યવસ્થા, મહેસૂલી, તબીબી, ટાઉન પ્લાનીંગ, અગ્નિશમન-ફાયર ફાઈટીંગ-સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સેનીટેશન જેવી તમામ બાબતોની વહીવટી કામગીરી માટે ૨૦૧ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે

આ વહીવટી માળખામાં એક ઝઈ ઉપરાંત બે અધિક કલેકટર સહિતના મહેસૂલી, આરોગ્ય, પ્રવાસન, અગ્નિશમન, ટાઉન પ્લાનીંગ વગેરે વિભાગોના અધિકારી-કર્મયોગીઓનો સમાવેશ કરાયો છે.

તેવી જ રીતે કેવડીયા ખાતે વન વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલ વિવિધ પ્રવાસન આકર્ષણ પ્રોજેક્ટ્સના સંચાલન અને મેન્ટેનન્સ તેમજ વધુ વિકાસ માટે વન વિભાગ હેઠળ જંગલ સફારી પાર્ક, વેલી ઓફ ફલાવર્સ, કેકટસ્ ગાર્ડન વગેરેમાં જરૂરી અધિકારીઓ/કર્મચારીઓનું આઉટસોર્સીંગ સાથેનું જરૂરી મહેકમ પણ ઓથોરિટીને તબદીલ કરવાનું પણ ઠરાવાયું છે. ઝુઓલોજીકલ પાર્ક ના નિયામક આઇ એફ એસ અધિકારી અને કેવડીયા ના નાયબ વનસંરક્ષક ને પણ આ ઓથોરિટી હેઠળ ફાળવવામાં આવ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગે એવું પણ સૂચિત કર્યુ છે કે, કેવડીયા ખાતે જંગલ સફારીની દેખરેખ માટે સરદાર પટેલ ઝૂઓલોજિકલ પાર્ક સોસાયટી અને વેલી ઓફ ફલાવર્સ સોસાયટીને પણ ઓથોરિટી હેઠળ તબદીલ કરવામાં આવશે.

એટલું જ નહિ, કેવડીયા ખાતે જુદા જુદા સ્થળોના વિકાસ માટે વિવિધ વિભાગો દ્વારા કામગીરીના કોન્ટ્રાકટ અને એગ્રીમેન્ટ કરવામાં આવેલા છે તેની કામગીરી અને જવાબદારીઓ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગર્વનન્સ ઓથોરિટી-કેવડીયા ઓથોરિટીમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રિય એકતા ટ્રસ્ટ હેઠળ હાથ ધરાયેલા આવા કોન્ટ્રેકટ અને એગ્રીમેન્ટ માટે પણ આ ટ્રસ્ટ દ્વારા ઓથોરિટીને અધિકૃત કરવામાં આવી છે.

રાજ્ય સરકારે આ બધી જ થયેલી કામગીરીઓના સંકલન માટે ઓથોરિટીમાં નાણાંકીય સવલતો ઊભી કરવા ૨૦૨૦-૨૧ના બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા ગ્રાન્ટ ઈન એઈડ તરીકે રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરી છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલી આ જગ્યાઓ રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે ભરવાની રહેશે અથવા સેવાઓ-મેનપાવર આઉટસોર્સથી મેળવવાના રહેશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગર્વનન્સ ઓથોરિટી (કેવડીયા ઓથોરિટી)ની રચના અંગેનો કાયદો ગત તા. ૧ ફેબ્રુઆરી-૨૦૨૦થી અમલમાં આવેલોછે.

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# સુશાસન દિવસની ઉજવણીને અનુલક્ષી પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



તા. ૨૫ મી ડિસેમ્બર ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ. અટલબિહારી વાજપયીના જન્મ દિવસને કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪થી સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તા. ૨૫ ડિસેમ્બરે રાજય સરકાર દ્વારા સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે સાત પગલાં ખેડુત કલ્યાણના કાર્યક્રમ અંતર્ગત યોજનાઓના લાભાર્થીઓને સધાન સામગ્રી સાથે સહાય વિતરણના કાર્યક્રમો સવારે-૧૧.૦૦ થી ૧.૩૦ દરમ્યાન યોજી બનાસકાંઠા જિલ્લામાં ૧૪ જગ્યાએ સુશાસન દિવસની ઉજવણી કરાશે. સુશાસન દિવસની ઉજવણીને અનુલક્ષી પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી. દરેક તાલુકામાં યોજાનાર કાર્યક્રમમાં માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ, સેનેટાઇઝર સાથે ટેમ્પ્રેચર ગનથી તાપમાન ચેક કરીને બેઠકના સ્થળે ખેડુતોને પ્રવેશ તથા લાભાર્થીઓને આપવાની કીટ વગેરે તૈયાર રાખવા કલેકટરશ્રીએ સંબંધિત તાલુકાના નોડલ અધિકારીઓને સુચના આપી હતી.

સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે સાત પગલાં ખેડુત કલ્યાણ અંતર્ગત ચાલુ વર્ષ-૨૦૨૦-૨૧માં ખેડુતોને સંપૂર્ણ દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરતા ખેડુત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના, પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારુ લાભાર્થીઓને નિદર્શન કીટમાં ૭૫ ટકા સહાયની યોજના, કૃષિ ઉત્પાદનોમાં પરિવહન માટે મીડીયમ સાઇઝના ગુડ્ઝ કેરેઝ વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની કિસાન પરિવહન યોજના, ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી/ શેડ કવર પુરા પાડવાની યોજના, ખેડુતોને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે સહાય આપવાની મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના, સર્વગ્રાહી યોજનાઓના લાભાર્થીઓને સાધન સામગ્રી સાથે સહાય વિતરણ તેમજ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ પ્રધાનમંત્રીશ્રી દ્વારા બટન દબાવીને આશરે ૯ કરોડ ખેડુતોના બેંક એકાઉન્ટમાં સીધી આશરે રૂ. ૧૮,૦૦૦ કરોડની રકમ ખેડુતોને આપવામાં આવશે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, આસી. કલેકટરશ્રી પ્રશાંત ઝીલોવા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર.વી.વાળા, પ્રાયોજના વહીવટદારશ્રી એમ.બી.ઠાકોર, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી પી. કે. પટેલ, નાયબ બાગાયત નિયામકશ્રી જે. બી. સુથાર, આત્માના પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી જિંદાલ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત સંબંધિત તાલુકાના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

બનાસકાંઠા જિલ્લામાં આ જગ્યાએ સુશાસન દિવસની ઉજવણી કરાશે . બનાસકાંઠા જિલ્લામાં ૧૪ તાલુકા મથકોએ આ જગ્યાએ સુશાસન દિવસની ઉજવણી કરાશે. વાવ, થરાદ, કાંકરેજ, પાલનપુર અને દાંતા ખાતે એ.પી.એમ.સીમાં, ડીસામાં વિનાયક કોલ્ડ સ્ટોરેજ થરાદ રોડ સમશેરપુરા, અમીરગઢમાં એકલવ્ય મોડેલ સ્કૂલ, વડગામમાં તાલુકા સેવા સહકારી સંઘ, દાંતીવાડા ખાતે પાર્થ કોલ્ડ સ્ટોરેજ વાઘરોલ ચારરસ્તા, લાખણીમાં સરસ્વતી હાઈસ્કૂલ લાખણી, ધાનેરામાં શ્રી કે. આર. આંજણા કોલેજ કેમ્પસ, દિયોદરમાં બક્ષીપંચ કુમાર છાત્રાલય, ભાભરમાં નગરપાલિકા ટાઉનહોલ, ખાડીયા વિસ્તાર અને સૂઈગામ ખાતે બી.આર.સી. ભવનમાં સુશાસન દિવસની ઉજવણી કરવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે તેમ બનાસકાંઠા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી પી. કે. પટેલે જણાવ્યું હતું.

## મોડાસા :સહયોગ ચોકડીએ સર્કલ બનાવવાની માંગ સાથે લોકોએ

# ૩ કલાક ચક્કાજામ કરતા પોલીસે રાતોરાત બેરીકેડ લગાવી હંગામી સર્કલ બનાવ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો બાલાસિનોરથી

પિતાને બર્થડે વિશ કરવા કૃપા તેના પતિ પાર્થ ભાવસાર સાથે મોડાસા પહોંચ્યા બાદ બર્થડેની ઉજવણી માટે એક્ટિવા પર હોટલનું ફૂડ લઇ દંપતી મોડાસા સહયોગ બાયપાસ ચોકડી પરથી પસાર થતા ટ્રક કન્ટેનરે એક્ટીવાને અડફેટે લેતા સગર્ભા કૃપા ભાવસાર નામની યુવતીના મોત પછી નગરજનોમાં આક્રોશ વ્યાપ્યો હતો સર્કલના અભાવે છાસવારે અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓનો ભોગ લેવાતા ભાવસાર સમાજ સંગઠન દ્વારા ધરણા યોજી રામધૂન કરાઈ અને અન્ય રહીશો આ વિરોધ કાર્યક્રમમાં સાથે મળ્યા અને ચક્કાજામ સર્જી દેવાતાં ચાર માર્ગીય રોડ ની ચારેકોર વાહનોની કતારો જામી હતી

મંગળવારે સાંજે સહયોગ બાયપાસ ચોકડી પર લોકોએ કરેલ આંદોલનના પગલે ત્રણ કલાક સુધી ચક્કાજામ રહેતા પોલીસ તંત્ર દોડતું થયું હતું પોલીસ અધિકારીઓ એ કાયદો હાથમાં લેનાર સામે પ્રથમ સમાધાન અને પછી લાલ આંખ કરતા ઘટના સ્થળે પોલીસ સાથે ઘર્ષણ નો બનાવ બને તે પહેલા અગ્રણીઓએ મધ્યસ્થી કરી હતી અને છેવટે ઘી ના ઠામમાં ઘી ઢળ્યું હતું. લોકોની સર્કલની માંગને પગલે ઘટનાસ્થળે હાજર ડીવાયએસપી ભરત બસીયાએ લોકો માંગ યોગ્ય હોવાથી તંત્રની મદદથી રાતોરાત સહયોગ બાયપાસ ચોકડી પર બેરીકેડ લગાવી હંગામી સર્કલ ઉભું કરી દીધું હતું

મંગળવારે સાંજે સહયોગ ચોકડી પર સર્કલ બનાવવાની માંગ સાથે લોકોએ જનઆંદોલન છેડી ચક્કાજામ કરતા સતત વાહનોથી ધમધમતો હાઈવે પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો ૫ કિમી થી વધુ વાહનો રોડ પર અટવાઈ ગયા હતા ચક્કાજામના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને સ્થાનિક પોલીસ કાફલો કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઘટનાસ્થળે પહોંચ્યો હતો લોકો સર્કલની માંગ પર અડગ હોવાથી આખરે એસડીએમ પણ ત્રણ કલાક પછી પહોંચવા મજબુર બન્યા હતા અને ચક્કાજામ પર બેઠેલા લોકો અને અગ્રણીઓ સાથે ચર્ચા કરી ટૂંક સમયમાં સર્કલ બનાવવાની બાંહેધરી આપી મામલો થાળે પાડ્યો હતો ડીવાયએસપી ભરત બસિયા, ટાઉન પીઆઈ વાઘેલા અને તેમની ટીમે સહયોગ બાયપાસ ચોકડી પર અકસ્માતની ઘટનાની સમસ્યા હાલ પૂરતી ટાળવા માટે મંગળવારે રાત્રે જ સહયોગ બાયપાસ ચોકડી પર બેરીકેડ લગાવી સર્કલ ઉભું કરી દીધું છે

# ગુજરાતમાં ૧૩ હજારથી વધુ પોલીસ કર્મીઓની કરાશે ભરતી

ગાંધીનગર,તા.૨૩


ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સંગીન બનાવવા સારૂ, પોલીસ કર્મીઓનો વ્યાપ વધારવા અને પોલીસ સ્ટેશનોની સંખ્યામાં પણ વધારો કરવા માટે પણ અમારી સરકારે સઘન આયોજન કર્યું છે. છેલ્લાં સાત વર્ષમાં ગુજરાતમાં ૪૯,૦૦૦થી વધુ પોલીસ કર્મીઓની ભરતી કરવામાં આવી છે. અને આગામી વર્ષે વધુ ૧૩,૦૦૦ કર્મીઓની ભરતી કરાશે એવું ગૃહરાજ્ય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, પોલીસ કર્મીઓને આધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ કરી તેના ઉપયોગ કરવા માટે તાલીમ સહિતની સુવિધાઓ પણ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે એ માટે પોલીસ તંત્ર અને ગૃહ વિભાગ એક ટીમ તરીકે કામ કરી રહી છે ત્યારે મેનપાવર, સ્કીલ અપગ્રેડેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન અને ટેક્નોલોજીનો ઉપયોગ વધારવા પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

રાજ્યમાં કન્વિક્શન રેટ વધે તે માટે કન્વિક્શન ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. તેમાં ૨૪ કલાક તપાસ માટે માર્ગદર્શન મળી રહે તેવું આયોજન થઇ રહ્યું છે. નિવૃત્ત પોલીસ અધિકારીને પેરવી ઓફિસર તરીકે નિમવાની જોગવાઇ કરાઇ છે.

આ પ્રોજેક્ટ હેઠળ ઈન્વેસ્ટિગેશન માટે અલાયદો રૂમ, કોલ સેન્ટર, એફઆઈઆર ડ્રાફ્ટીંગ માટે રક્ષાશક્તિ યુનિવર્સિટીના સંકલનમાં રહી પોલીસ કર્મચારીઓને તાલીમની સુવિધા તથા એફએસએલની સેવાઓને વધુ સંગીન રીતે લાભ લેવાશે એવું જાડેજાએ ઉમેર્યું હતું.

# અપહરણ વીથ મર્ડરના ગુન્હાના કુખ્યાત બુટલેગર સુકા ડુંડના સાગરીત રામ પ્રકાશ ડુંડને અમદાવાદ તેની બહેનના ઘરેથી દબોચતી પેરોલ ફર્લો ટીમ



અરવલ્લી બ્યુરો મોડાસા

ભિલોડા તાલુકાના ડોડીસરા ગામના અને પોલીસ પર હુમલો કરવા ટેવાયેલા નામચીન અને માથાભારે બુટલેગર સૂકો ડુંડ અને તેના સાગરીતોએ બે તાંત્રિકોને વિધી કરવાના બહાને સ્કોર્પિઓ અને સ્વીફ્ટ કારમાં અપહરણ કરી તેના ઘરે લઈ જઈ લોંખડની પાઈપ વડે બંને તાંત્રિકોને માર મારી સ્વીચબોર્ડ માંથી વાયર વડે વીજકરંટ આપતા અને સુકાની મોટી પત્નીએ બંને તાંત્રિકોને ઢોર માર મારતા એક તાંત્રિકનું મોત થયું હતું હત્યાની ઘટનાના પગલે નામચીન બુટલેગર સૂકા ડુંડ સહીત ૬ વ્યક્તિઓ સામે ગુન્હો નોંધી ધરપકડ કરવા કાર્યવાહી હાથધરી હતી હત્યાની ઘટનાને અંજામ આપ્યા બાદ સૂકો ડુંડ અને તેના સાગરીતોએ હરિયાણા,રાજસ્થાન અને પંજાબના કુખ્યાત બુટલેગરોને ત્યાં શરણ લીધું હતું અરવલ્લી પોલીસે હત્યાના ગુન્હામાં તેની બે પત્નીઓની ધરપકડ કરી હત્યામાં વપરાયેલ વાહન કબ્જે લીધા હતા હત્યાની ઘટનાને એક મહિના જેટલો સમય થવા આવ્યો છતાં સૂકો ડુંડ પકડથી દૂર છે ત્યારે તેના અંગત અને ખાસ સાગરીત એવા હત્યામાં સંડોવાયેલ બહાદુર ઉર્ફે રામપ્રકાશ ડુંડને અમદાવાદના જેતલસર વિસ્તારમાંથી બહેનના ઘેરથી પેરોલ ફર્લો ટીમે દબોચી લીધો હતો

અરવલ્લી પોલીસવડા સંજય ખારાતના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી ભરત બસીયા,એલસીબી,એસઓજી,પેરોલ ફર્લો અને ભિલોડા પોલીસે અપહરણ વીથ મર્ડરના ગુન્હામાં સામેલ નામચીન બુટલેગર સુકા ડુંડ અને તેના સાગરીતોને ઝડપી પાડવા અનેક જગ્યાએ રેડ કરવાની સાથે ડોડીસરા વિસ્તારમાં કોમ્બિંગ હાથધર્યું હતું તેમ છતાં પકડથી દૂર રહ્યા છે ડીવાયએસપી ભરત બસીયાએ તો ભિલોડા પંથકમાં ધામા નાખી સુકા ડુંડ અને તેના સાગરીતોની શાન ઠેકાણે લાવવા શખ્ત કાર્યવાહી કરી રહ્યા છે

અરવલ્લી પેરોલ ફર્લો પીએસઆઇ કે એસ સીસોદીયા અને તેમની ટીમે ટેકનિકલ રીસોર્સીસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના સહારે પોલીસ પકડથી બચવા ચોરી છુપે ફરત લૂંટ વીથ મર્ડરના આરોપી બહાદુર ઉર્ફે રામપ્રકાશ ડુંડને તેની અમદાવાદના જેતલસર ખાતે રહેતી બહેનના ત્યાં ઘરે હોવાની બાતમી મળતા પેરોલ ફર્લો ટીમે રામપ્રકાશ ડુંડને ઝડપી પાડવા ત્રણ દિવસ સુધી જેતલસર વિસ્તારમાં ધામા નાખી દબોચી લીધો હતો અને ભિલોડા પોલીસને સુપ્રત કર્યો હતો રામપ્રકાશ ડુંડ તેની ભિલોડા પંથકમાં રહેતી પ્રેમીકા નર્સના સંપર્કમાં હોવાથી પોલીસે મોબાઈલ નેટવર્ક ટ્રેસ કરી બહેનના ઘરે આશરો લેતા દબોચી લીધો હતો

ભિલોડા તાલુકાના ડોડીસરા ગામના માથાભારે બુટલેગર સૂકો ડુંડના ગામના જ સાગરીત અને ભિલોડા નવા ભવનાથ રહેતા રામ પ્રકાશ ડુંડ,સમીર ડુંડ અને અન્ય બે શખ્સોએ કૂંડોલપાલ રહેતા કલ્પેશ નવજીભાઈ બરંડાને વિધી કરવાના બહાને ધોલવાણી ત્રણ રસ્તા પર બોલવી સ્કોર્પિઓ ગાડીમાં બળજબરી અપહરણ કરી તેમજ શામળપૂર ગામના કડવાભાઇ નાનજીભાઈ ગામેતીને પણ વિધિ કરવાનું કહી ગામ બહાર રોડ પર બોલાવી બોલેરો અને સ્વીફ્ટ ગાડીમાં પહોંચી કડવાભાઇ

ગામેતીનું સ્વીફ્ટ કારમાં અપહરણ કરી બંને તાંત્રિકોને સૂકો ડુંડ અને તેના સાગરીતો ડોડીસરા ગામે સુકાના ઘેર લઇ ગયા હતા બંને તાંત્રિકોને લોંખડની પાઈપ વડે હુમલો કર્યો હતો અને પીઠના ભાગે ઘા ઝીક્યા હતા કુખ્યાત બુટલેગર અને તેના સાગરીતો એટલે થી ન અટકતા કડાવાજી ગામેતીને સ્વીચ બોર્ડમાંથી વીજવાયર વડે વીજકરંટ આપતા અને સૂકો ડુંડની મોટી પત્ની બંને તાંત્રિકોને ગડદાપાટુનો માર મારતા કડવાજી ગામેતી બે ભાન થઇ ઢળી પડતા સૂકો ડુંડ અને તેના સાગરીતો નાસી ગયા હતા કડવાંજી ગામેતીનું સારવાર દરમિયાન મોત નિપજતા ભારે ચકચાર મચી હતી હત્યાની ઘટનાના પગલે ભિલોડા પોલીસ સહીત જીલ્લા પોલીસતંત્રની વિવિધ એજન્સીઓના ધાડેધાડા ભિલોડા શહેરમાં ખડકી દીધા હતા હત્યાની ઘટનાના પગલે ભિલોડા પંથકમાં ભરેલા અગ્ની જેવી સ્થિતી પ્રવર્તી રહી છે

ભિલોડા પોલીસે કલ્પેશકુમાર નવજીભાઈ બરંડા (રહે,કુડોલપાલ) ની ફરિયાદના આધારે ૧) સૂકો ઉર્ફે ભંવરલાલ બાબુભાઇ ડુંડ,૨) તેની મોટી પત્ની ,૩)રામ પ્રકાશભાઈ ડુંડ,૪) સમીર ડુંડ,અને અન્ય બે અજાણ્યા શખ્શો સામે ઈપીકો કલમ-૩૨૩,૩૨૪,૩૦૨,૩૦૭,૩૬૪,૫૦૪,૫૦૬(૨),૧૨૦ તેમજ જીપી એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# રાજ્યમાં ૮.૮ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડુ: ૨૫ ડિસેમ્બર બાદ કાતિલ ઠંડી પડશે

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં આજ રાતથી લઘુત્તમ તાપમાન ગગડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગુજરાતથી આગળ વધતા ઠંડીનું પ્રમાણ વધશે. ૩ દિવસ કડકડતી ઠંડી પડવાની હવામાનની આગાહી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતમાં આગામી ૨૫ ડિસેમ્બર બાદ ઠંડી વધવાની સંભાવવાના સેવવામાં આવી છે. આગામી ૨૪ કલાકમાં નલિયામાં શીતલહેર રહેશે. ૭ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડુગાર રહેશે. ખાસ કરીને રાજ્યભરમાં ૨૮ અને ૨૯ ડિસેમ્બરે ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોરદાર રહેવાની સંભાવના છે. ૧૧ શહેરોમાં તાપમાન ૧૩ ડિગ્રીથી નીચે જશે. ગાંધીનગરમાં ૮.૫ ડિગ્રી તાપમાન છે. આગાહી પ્રમાણે, ઠંડીનો પારો નલિયા, ડીસા, સુરેન્દ્રનગરમાં નીચે ઉતરી શકે છે.

રાજ્યના તાપમાનમાં આગામી બે દિવસ સુધી કોઈ ફેરફાર નહીં થાય. પરંતુ ત્યારબાદ ૨૫ ડિસેમ્બરથી ઠંડીમાં વધારો થવાની આગાહી છે. જ્યારે આગામી ૪૮ કલાક દરમિયાન કોલ્ડવેવની કોઈ જ આગાહી નથી. નલિયામાં પણ કોલ્ડવેવની આગાહી પરત લેવાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ઠંડીનુ પ્રમાણ યથાવત રહ્યું છે. અમદાવાદ શહેરમાં ઠંડીનો પારો ૨.૩ ડિગ્રી ગગડ્યો હતો. જ્યારે રાજ્યના અન્ય શહેરોમાં ઠંડીનો પારો અડધાથી લઈને એક ડિગ્રી સુધી ઉંચકાયો હતો. ગુજરાતમા મંગળવારે સૌથી વધુ ઠંડી નલિયામાં નોંધાઈ હતી. નલિયામાં ઠંડીનો પારો ૮.૮ ડિગ્રીએ અટક્યો હતો. અમદાવાદમાં એક જ દિવસમમાં ગગડેલા ૨.૩ ડીગ્રીને કારણે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વર્તમાન શિયાળા ઋતુમાં અમદાવાદમાં નોંધાયેલ ઠંડીનુ પ્રમાણ સૌથી ઓછુ છે.

# ભિલોડાના ઝૂમસર ગામનો આર્મી જવાનને અશ્રુભીની આંખે અંતિમ વિદાય

અરવલ્લી બ્યુરો મોડાસા



અરવલ્લી જીલ્લામાં અનેક યુવાનો માભોમની રક્ષા કરી રહ્યા છે ભિલોડા તાલુકાના ઝૂમસર ગામનો કેવલ બેચરભાઈ પટેલ નામનો આર્મી જવાન ફરજ દરમિયાન મગજની નસ ફાટી જતા મહારાષ્ટ્રના પુના ખાતે સારવાર દરમિયાન જવાન શહીદ થયા હતા.મંગળવારે જવાનનો નશ્વરદેહ વતનમાં લવાતાં ગાર્ડ ઓફ ઓનર સાથે વિદાય આપવામાં આવી હતી. જય જવાન અને ભારત માતા કી જય,જવાનો અમર રહોના નારા વચ્ચે અશ્રુભીની આંખે ગામે શહીદને અંતિમ વિદાય આપતાં હાજર અસંખ્ય લોકોની આંખો ભીની થઈ હતી. દેશની રખેવાળી કરનાર જવાન ઉપર પરિવારજનોએ પણ આક્રંદ વચ્ચે નાજ વ્યકત કર્યો હતો. શહીદના પરિવારમાં ખુમારી અને દેશભક્તિમાં હજુ પણ જુસ્સો યથાવત છે શહીદના પુત્રને પણ દેશસેવા માટે સેનામાં મોકલવા તૈયાર છે શહીદ પરિવારમાં હાલ ૭ વર્ષીય પુત્રી અને ત્રણ વર્ષીય પુત્ર અને તેમની પત્નીએ પીતાની છત્રછાયા ગુમાવતા ગમગીન બન્યા હતા

હાલ દેશભક્તિના માહોલમાં સૌ કોઈ દેશ માટે બલિદાન આપવા સમર્પિત છે.ત્યાં અરવલ્લીનો એક જવાન શહીદ થતાં આખો જિલ્લો ગમગીન બન્યો હતો. ભિલોડા તાલુકાના ઝૂમસર ગામના કેવલ બેચરભાઈ પટેલ છેલ્લા ૧૭ વર્ષથી દેશની જુદી જુદી સરહદો અને સ્થળોએ માં-ભોમની રક્ષા કરતા હતા હાલ અમદાવાદ આર્મીમાં ફરજ બજાવી રહ્યા હતા ફરજના ભાગરૂપે મહારાષ્ટ્રના પુના ગયા હતા ત્યારે આર્મી જવાન કેવલ પટેલને બ્રેઈન હેમરેજ થતા મગજની નસ ફાટી જતા સારવાર દરમિયાન જીંદગી સામેનો જંગ હારી ગયા હતા અને શહીદ થયા હતા. મંગળવારે સવારે જવાનનો નશ્વરદેહ વતન ઝૂમસર ખાતે લાવવામાં આવ્યો હતો. જયાં આર્મીના અધિકારીઓની ઉપસ્થિતિમાં ગાર્ડ ઓડ ઓનર સાથે જવાનની અંતિમક્રિયા કરાઈ હતી આર્મી જવાનની અંતિમક્રિયામાં સમાજના અગ્રણીઓ, રાજકીય અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થીત રહ્યા હતા

## ગઢડાની ઘટનાને લઈ માણાવદરમાં ધર્મકુળ આશ્રિત

# સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો દ્વારા મામલતદાર ને આવેદનપત્ર પાઠવ્યું



ગઢડામાં થોડા દિવસ પૂર્વ ડીવાયએસપીએ મંદિર ના ચેરમેનનો કાંઠલો પકડી સ્વામીને અપશબ્દો બોલવાના બનાવના વિરોધમાં માણાવદર ધર્મકુળ આશ્રિત સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો દ્વારા મામલતદાર ને આવેદનપત્ર આપી ડીવાયએસપી ને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી થોડા દિવસ પૂર્વે ગઢડામાં ડીવાયએસપી નકુમ દ્વારા મંદિરના નવા ચૂંટાયેલા ચેરમેન રમેશ ભગતનો કાંઠલો પકડી તેમને બહાર કાઢેલ અને ત્યાં ઉપસ્થિત સ્વામીને અપશબ્દો બોલ્યા હતા આ બાનાવનો સ્વામી નારાયણ સંપ્રદાયમાં ઠેર ઠેર વિરોધ થઇ રહ્યો છે. અને ડીવાયએસપી ની આ હરકતને હરિભક્તોએ નિંદનિય અને દંડનીય ગણાવી રહયા છે. માણાવદર ધર્મકુળ આશ્રિત સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલા હરિભક્તો દ્વારા આ ધટનાથી હિન્દુ ધર્મ ની લાગણી દુભાય હોવાનું જણાવી હરિભક્તો દ્વારા નવા ચેરમેન અને સ્વામી સાથે ગેરવર્તન કરનાર ડીવાયએસપી ને સરકાર તાત્કાલિક સસ્પેન્ડ કરે તેવું મામલતદાર ને આવેદનપત્ર આપી માંગ કરી હતી. આ આવેદનપત્ર આપતી વેળાએ રાજુભાઈ રતનપરા, વિનુભાઈ જેઠવા, દિલીપભાઇ મારડીયા, કનુભાઈ જાની, અલ્કેશભાઇ ચાંદેગરા વગેરે હરિભક્તો બહોળી સંખ્યા માં ઉપસ્થિત રહયા હતા

તસ્વીર - અહેવાલ જીજ્ઞેશ પટેલ માણાવદર

# આવો કોઈની મદદ કરીએ દ્વારા જન્મદિનની અનોખી ઉજવણી કરવામાં આવી



આવો કોઈની મદદ કરીએ ના સ્થાપક ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત દ્વારા હિન્દુ યુવા સંગઠન હિંમતનગર પ્રમુખ પ્રતિકભાઈ પટેલ ના જન્મદિન નિમિતે ક્રિષ્ના બા ચાવડા (રાજરત્ન પેલેસ - ગાંધીનગર) ના સહયોગ થી હિંમતનગર માં રહેતા ગરીબ પરિવારો ને કપડા તથા બહેન - દીકરીઓ ને સાડીઓ આપવામાં આવી,

આવો કોઈની મદદ કરીએ ફાઉન્ડેશન દ્વારા જન્મદિન ની ઉજવણી નિમિતે જરૂરિયાતમંદ બાળકો ને અભ્યાસ કીટ - સ્કુલ ફી, ગરીબો ને કરિયાણા કીટ, ફ્રૂટ, તેમજ કપડા ની સેવા આપવામાં આવે છે,

આ સેવાકીય કાર્ય મા રાજપૂત સમાજ અગ્રણી ઉપેન્દ્રસિંહ સોલંકી , હિન્દુ યુવા સંગઠન અધ્યક્ષ સર્વીન ભાઈ પટેલ અને અન્ય ભાઈઓ હાજર રહ્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.